**<u>અસ્વીકરણ:</u>** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

=============================================================

[૨૦૧૩] ૬ એસ.સી.આર. ૭૫૭

સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ લો, ડબલ્યુડબલ્યુએફ–૧

વિરુદ્ધ

યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય

આઈ.એ. નંબર ૧૦૦

ઈન

રીટ પીટીશન (સિવિલ) નંબર ૩૩૭/૧૯૯૫

એપ્રિલ ૧૫, ૨૦૧૩

**[કે.એસ. રાધાકૃષ્ણન અને**
**ચંદ્રમૌલિ કુ. પ્રસાદ, ન્યાયમૂર્તીઓ]**

*વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ, ૧૯૭૨:*

*એક્સ–સિટુ સંરક્ષણ – એશિયાઈ સિંહ (પેન્થેરા લીઓ પર્સિકા) નું સ્થળાંતર – મધ્ય પ્રદેશ રાજ્યના કુનો વન્યજીવ અભયારણ્યમાં – એશિયાઈ*

સિંહના એકમાત્ર કુદરતી નિવાસસ્થાન એવા ગુજરાત રાજ્યના ગીર જંગલમાંથી – એશિયાઇ સિંહના લાંબાગાળાના સંરક્ષણ માટે બીજું કુદરતી નિવાસસ્થાન પૂરું પાડવા માટે – ગુજરાત રાજ્ય સ્થળાંતરની દરખાસ્ત સાથે સંમત ન થવું – યોજના મુજબ સિંહોનું સ્થળાંતર કરવા ગુજરાત રાજ્યને નિર્દેશ આપવા માટે વચગાળાની અરજી – ઠેરવવામાં આવ્યું કે: ભયગ્રસ્ત પ્રજાતિ એવા એશિયાઇ સિંહના લાંબાગાળાના સંરક્ષણ માટે તેને બીજું ઘર પૂરું પાડવું જરૂરી છે – કુનો એ એશિયાઇ સિંહોનું ઐતિહાસિક નિવાસસ્થાન છે, અને નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડલાઇફ (એનબીડબલ્યુએલ) ની મંજૂરી સાથે એશિયાઇ સિંહના પુનઃપ્રવેશ માટે કુનો વન્યજીવ અભયારણ્યને યોગ્ય બનાવવા તમામ પગલાં લેવામાં આવ્યા છે – જંગલમાં રહેતા પ્રાણીઓ રાષ્ટ્રની સંપત્તિ છે – કોઈપણ રાજ્ય તેમના પર માલિકી કે કબજાનો દાવો કરી શકે નહીં – કેન્દ્ર સરકાર દ્વારા એનબીડબલ્યુએલની રચના કરવામાં આવી હોવાથી, રાજ્ય સરકાર દ્વારા રચાયેલા સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડલાઇફ, ગુજરાતના મંતવ્યો કરતાં તેના મંતવ્યો પ્રબળ રહેશે – આઇયુસીએન દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકાઓ અનુસાર અને આ ક્ષેત્રના નિષ્ણાતોની સક્રિય ભાગીદારી સાથે ગીર જંગલમાંથી કુનો વન્યજીવ અભયારણ્યમાં એશિયાઇ સિંહના પુનઃપ્રવેશ માટે તાત્કાલિક પગલાં લેવા પર્યાવરણ અને વન મંત્રાલયને નિર્દેશ – બાયો–ડાઇવર્સિટી એક્ટ, ૨૦૦૨ – ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટ, ૧૯૮૦ – ભારતીય બંધારણ, ૧૯૫૦ – અનુચ્છેદ ૪૮એ અને ૫૧એ(જી).

*પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા ગીર જંગલમાંથી એશિયાઈ સિંહોના પુનઃપ્રવેશ પહેલાં નામીબિયાથી ભારતમાં આફ્રિકન ચિત્તાની આયાત કરી કુનો વન્યજીવ અભયારણ્યમાં દાખલ કરવાનો નિર્ણય – આ નિર્ણય સામે વાંધો ઉઠાવતી વચગાળાની અરજી – ઠેરવવામાં આવ્યું કે: આ નિર્ણય મનસ્વી, ગેરકાયદેસર અને વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ હેઠળ આપવામાં આવેલી વૈધાનિક જરૂરિયાતોનું ઉલ્લંઘન કરનાર છે.*

*પર્યાવરણીય કાયદો – ભયગ્રસ્ત પ્રજાતિઓનું જતન અને સંરક્ષણ – સંસદીય કાયદાની જરૂરિયાત – નેશનલ વાઈલ્ડલાઈફ એક્શન પ્લાન ૨૦૦૨–૨૦૧૬ દ્વારા ઓળખવામાં આવેલી ભયગ્રસ્ત પ્રજાતિઓના જતન માટે તાત્કાલિક પગલાં લેવા અને પુનઃપ્રાપ્તિ કાર્યક્રમો શરૂ કરવા ભારત સરકાર અને પર્યાવરણ અને વન મંત્રાલયને નિર્દેશ – વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની તમામ ભયગ્રસ્ત પ્રજાતિઓની ઓળખ કરવા, સુરક્ષાના વર્તમાન સ્તર અને જોખમોના સ્વરૂપને સ્થાપિત કરવા માટે તેમની જરૂરિયાતો, તેમના પર્યાવરણ અને રહેઠાણોનો અભ્યાસ કરવા પણ નિર્દેશ.*

*ભારતીય બંધારણ, ૧૯૫૦ – અનુચ્છેદ ૨૧ – જીવનનો અધિકાર – વ્યાપ્તિ – પર્યાવરણનું સંરક્ષણ અને રક્ષણ એ જીવનના અધિકારનો એક અવિભાજ્ય ભાગ છે – પર્યાવરણીય કાયદો.*

*શબ્દો અને શબ્દસમૂહો – 'વાઈલ્ડ લાઈફ' – વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ, ૧૯૭૨ ના સંદર્ભમાં તેનો અર્થ.*

**ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય (એમઓએફ) હેઠળની સ્વાયત્ત સંસ્થા વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ડબલ્યુઆઈઆઈ) એ તેના જીવવિજ્ઞાનીઓ મારફતે ગુજરાત રાજ્યના ગીર જંગલ ખાતે ગીર જંગલના બહેતર વ્યવસ્થાપન માટે અને વિશ્વમાં એશિયાઈ સિંહના એકમાત્ર નિવાસસ્થાન ગીર ખાતે સિંહોના લાંબાગાળાના સંરક્ષણની સંભાવનાઓને વધારવા માટે સંશોધન હાથ ધર્યું હતું. જીવવિજ્ઞાનીઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલી માહિતીએ તેના લાંબાગાળાના સંરક્ષણ માટે બીજા કુદરતી નિવાસસ્થાનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ઓક્ટોબર, ૧૯૯૩ માં યોજાયેલી એક વર્કશોપમાં એશિયાઈ સિંહોના પુનઃપ્રવેશ માટે ત્રણ વૈકલ્પિક સ્થળો સૂચવવામાં આવ્યા હતા. ત્રણ સ્થળોના સર્વેક્ષણ પછી, મધ્ય પ્રદેશ રાજ્યમાં આવેલું કુનો વન્યજીવ અભયારણ્ય એશિયાઈ સિંહોની મુક્ત વસ્તી સ્થાપિત કરવા પુનઃપ્રવેશ માટે સૌથી યોગ્ય સ્થળ જણાયું હતું, કારણ કે કુનો એ એશિયાઈ સિંહોનો ઐતિહાસિક વિતરણ વિસ્તાર હતો.**

**આ યોજનાને આગળ વધારવા માટે મધ્ય પ્રદેશ રાજ્યે કુનોમાં અને તેની નજીક વસેલા ગ્રામજનો માટે મોટા પાયે પુનર્વસન પેકેજ હાથ ધર્યું હતું. ગુજરાત**

રાજ્ય સરકારે ગુજરાતમાંથી કુનો ખાતે સિંહોના સ્થળાંતરની દરખાસ્ત સાથે સંમતિ દર્શાવી ન હતી.

પુનઃપ્રવેશ યોજના માટે સરકાર દ્વારા કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા હોવા છતાં કંઈ પરિણામ ન આવતાં, આ સ્થળાંતર કાર્યક્રમનો અમલ કરવા સામાવાળાઓને નિર્દેશ આપવાની અરજ સાથે રીટ પીટીશન (ડબલ્યુ.પી.(સી) નંબર ૩૩૭/૧૯૯૫) માં હાલની ઈન્ટરવેન્શન અરજી (આઇ.એ. નંબર ૧૦૦) દાખલ કરવામાં આવી હતી. ગીર જંગલમાંથી એશિયાઇ સિંહોના સ્થળાંતર પહેલાં કુનો ખાતે આફ્રિકન 'ચિત્તા' લાવવાના એમઓએફના નિર્ણય સામે વાંધો ઉઠાવતી અન્ય એક આઇ.એ. નંબર ૩૪૫૨ ડબલ્યુ.પી.(સી) નંબર ૨૦૨/૧૯૯૫ માં એમિકસ ક્યુરી દ્વારા દાખલ કરવામાં આવી હતી.

વચગાળાની અરજીઓ મંજૂર કરતાં, કોર્ટે ઠેરવેલ કે: ડબલ્યુ.પી. નંબર ૩૩૭/૧૯૯૫ માં આઇ.એ. નંબર ૧૦૦:

૧.૧. વાઇલ્ડ લાઇફ (પ્રોટેક્શન) એક્ટ, ૧૯૭૨ ના જુસ્સા અને જોગવાઈઓનો અમલ કરવા માટે તમામ પ્રયાસો કરવા જોઈએ; જેની જોગવાઈઓ લાભદાયક છે અને પારિસ્થિતિક શૃંખલા અને સંતુલન જાળવવા માટે તેનો અમલ

કરવો જરૂરી છે. વર્ષ ૧૯૭૨ માં હસ્તાક્ષર કરાયેલ સ્ટોકહોમ ઘોષણાપત્ર, સંયુક્ત રાષ્ટ્ર ઘોષણાપત્ર, માનવ પર્યાવરણ પરના સંમેલનો, જેમાં ભારત હસ્તાક્ષરકર્તા છે, તેણે ટકાઉ વિકાસનો પાયો નાખ્યો છે અને પર્યાવરણના રક્ષણ માટે રાષ્ટ્રોને સાથે મળીને કામ કરવા વિનંતી કરી છે. રિયો સમિટ ખાતે વર્ષ ૧૯૯૨ માં હસ્તાક્ષર કરાયેલ જૈવિક વિવિધતા પરના સંમેલને આંતરરાષ્ટ્રીય કાયદામાં પ્રથમ વખત માન્યતા આપી કે જૈવિક વિવિધતાનું સંરક્ષણ એ "માનવજાતની સામાન્ય ચિંતા" છે અને તે વિકાસ પ્રક્રિયાનો એક અભિન્ન ભાગ છે. [પેરા ૨૯] [૭૮૮–ડી–જી]

સંસાર ચંદ વિરુદ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન (૨૦૧૦) ૧૦ એસ.સી.સી. ૬૦૪: ૨૦૧૦ (૧૨) એસ.સી.આર. ૫૮૩ – આધાર રાખવામાં આવ્યો.

૧.૨. કન્વેન્શન ઓન બાયોલોજિકલ ડાઇવર્સિટી (સીબીડી) સહિતના વિવિધ સંમેલનોના ઉદ્ધેશ્યો પ્રાપ્ત કરવા અને અનુચ્છેદ ૪૮એ અને ૫૧એ(જી) ના પ્રકાશમાં આઇયુસીએન, સાઇટ્સ વગેરે તથા વાઇલ્ડ લાઇફ (પ્રોટેક્શન) એક્ટ, બાયો–ડાઇવર્સિટી એક્ટ, ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટ વગેરેની જોગવાઈઓના યોગ્ય અમલીકરણ માટે, ભારત સરકારે વિવિધ નીતિઓ અને કાર્યયોજનાઓ ઘડી છે જેમ કે નેશનલ ફોરેસ્ટ પોલિસી (એનએફપી) ૧૯૮૮, નેશનલ એન્વાયર્નમેન્ટ પોલિસી (એનઈપી) ૨૦૦૬, નેશનલ બાયો–

ડાઈવર્સિટી એક્શન પ્લાન (એનબીએપી) ૨૦૦૮, નેશનલ એક્શન પ્લાન ઓન ક્લાઈમેટ ચેન્જ (એનએપીસીસી) ૨૦૦૮ અને વર્ષ ૨૦૦૯ માં ઘડાયેલ વન્યજીવ રહેઠાણોનો સંકલિત વિકાસ અને કેન્દ્ર પુરસ્કૃત યોજના તથા નેશનલ વાઈલ્ડ–લાઈફ એક્શન પ્લાન (એનડબલ્યુએપી) ૨૦૦૨–૨૦૧૬ નો સંકલિત વિકાસ. ૨૦૦૯ ની કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ 'વન્યજીવ રહેઠાણનો સંકલિત વિકાસ' અને એનડબલ્યુએપી (૨૦૦૨–૨૦૧૬) ને વાઈલ્ડ લાઈફ (કન્ઝર્વેશન) એક્ટની જોગવાઈઓ સાથે વાંચવા પડશે. [પેરા ૩૨] [૭૮૯–જી–એચ; ૭૯૦–એ–સી]

લાફાર્જ ઉમિયામ માઈનિંગ પ્રાઈવેટ લિમિટેડ, ટી.એન. ગોદાવર્મન થિરુમુલપાદ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય (૨૦૧૧) ૭ એસ.સી.સી. ૩૩૮: ૨૦૧૧ (૭) એસ.સી.આર. ૯૫૪ – આધાર રાખવામાં આવ્યો.

૧.૩. સુરક્ષિત વિસ્તારોની બહાર વન્યજીવોનું બહેતર સંરક્ષણ સુનિશ્ચિત કરવા અને ગંભીર રીતે ભયગ્રસ્ત પ્રજાતિઓ અને રહેઠાણોને બચાવવા માટે પુનઃપ્રાપ્તિ કાર્યક્રમો શરૂ કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, 'ઈન્ટિગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ વાઈલ્ડલાઈફ હેબિટેટ્સ' શીર્ષક હેઠળની એક વ્યાપક કેન્દ્ર પુરસ્કૃત યોજના ૩૦.૭.૨૦૦૯ ના રોજ કાર્યરત કરવામાં આવી હતી જે અગાઉની

કેન્દ્ર પુરસ્કૃત યોજના – 'આસિસ્ટન્સ ફોર ધ ડેવલપમેન્ટ ઓફ નેશનલ પાર્ક્સ એન્ડ સેન્ચ્યુરીઝ' ઉપરાંતની હતી. સદર યોજનામાં વાઇલ્ડલાઇફ (પ્રોટેક્શન) એક્ટ, ૧૯૭૨, નેશનલ વાઇલ્ડલાઇફ એક્શન પ્લાન (૨૦૦૨–૨૦૧૬) ની જોગવાઈઓ, ટાઈગર ટાસ્ક ફોર્સ, ૨૦૦૫ અને નેશનલ ફૉરેસ્ટ કમિશન, ૨૦૦૬ ની ભલામણો અને દેશમાં વન્યજીવો અને જૈવવિવિધતાના સંરક્ષણ માટે સમયાંતરે અનુભવાયેલી જરૂરિયાતોના અમલીકરણ માટે વધારાના ઘટકો અને પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. [પેરા ૩૫] [૭૯૨–જી–એચ; ૭૯૩–એ–સી]

૧.૪. કેન્દ્ર પુરસ્કૃત યોજના ખાસ કરીને એશિયાઇ સિંહોને ગંભીર રીતે ભયગ્રસ્ત પ્રજાતિ તરીકે સંદર્ભિત કરે છે અને સિંહોનું લાંબાગાળાનું સંરક્ષણ સુનિશ્ચિત કરવા માટે પુનઃપ્રાપ્તિ કાર્યક્રમની જરૂરિયાત પર ભાર મૂકે છે. એનડબલ્યુએપી ૨૦૦૨–૨૦૧૬ અને વન્યજીવ રહેઠાણોના સંકલિત વિકાસને લગતી કેન્દ્ર પુરસ્કૃત યોજના ૨૦૦૯ એ એવી યોજનાઓ છે જે વૈધાનિક દરજ્જો ધરાવે છે અને તેનો તેના અક્ષરશઃ અને સાચા અર્થમાં અમલ થવો જોઈએ. [પેરા ૩૭] [૭૯૩–એફ–એચ]

લાફાર્જ ઉમિયામ માઈનિંગ પ્રાઈવેટ લિમિટેડ, ટી.એન. ગોદાવર્મન થિરુમુલપાદ વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય (૨૦૧૧) ૭

એસ.સી.સી. ૩૩૮: ૨૦૧૧ (૭) એસ.સી.આર. ૯૫૪ – આધાર રાખવામાં આવ્યો.

ટી. એન. ગોદાવર્મન થિરુમુલપાદ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય (૨૦૧૨) ૩ એસ.સી.સી. ૨૭૭: ૨૦૧૨ (૩) એસ.સી.આર. ૪૬૦ – સંદર્ભ લેવામાં આવ્યો.

૧.૫. ભારતીય બંધારણનો અનુચ્છેદ ૨૧ માત્ર માનવ અધિકારોનું જ રક્ષણ કરતું નથી પરંતુ માનવીઓ પર લુપ્ત થતી પ્રજાતિનું રક્ષણ અને જતન કરવાની જવાબદારી પણ લાદે છે, પર્યાવરણનું સંરક્ષણ અને રક્ષણ એ જીવનના અધિકારનો એક અવિભાજ્ય ભાગ છે. કુદરતી સંસાધનોના રક્ષક તરીકે રાજ્યની એ ફરજ છે કે તે માત્ર જનતાના લાભ માટે જ નહીં, પરંતુ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ, વન્યજીવન વગેરેના શ્રેષ્ઠ હિત માટે તેમની જાળવણી કરે. 'જાહેર ટ્રસ્ટ' ના સિદ્ધાંતને તે પરિપ્રેક્ષ્યમાં ધ્યાને લેવો પડશે. [પેરા ૪૧] [૭૯૫–ડી–ઈ, ઈ–એફ]

એમ. સી. મહેતા વિરુદ્ધ કમલ નાથ અને અન્ય (૧૯૯૭) ૧ એસ.સી.સી. ૩૮૮: ૧૯૯૬ (૧૦) સપ્લી. એસ.સી.આર. ૧૨ – આધાર રાખવામાં આવ્યો.

૧.૬. માનવીઓની એ ફરજ છે કે તેઓ પ્રજાતિઓને લુપ્ત થતી અટકાવે અને અસરકારક પ્રજાતિ સંરક્ષણ પ્રણાલીની હિમાયત કરે. એનડબલ્યુએપી ૨૦૦૨–૨૦૧૬ અને કેન્દ્ર પુરસ્કૃત યોજના ૨૦૦૯ દર્શાવે છે કે પ્રાણીઓની ઘણી પ્રજાતિઓ છે જે લુપ્ત થવાની ખૂબ નજીક છે અને અન્ય કેટલીક પ્રજાતિઓ આ પૃથ્વી પરથી પહેલેથી જ અદૃશ્ય થઈ ગઈ છે. કોઈ પણ પ્રજાતિ અનિશ્ચિત સમય માટે લુપ્ત થવાના આરે ટકી શકતી નથી અને કોઈપણ પ્રજાતિનું સતત અસ્તિત્વ માનવ–પ્રાણી સંઘર્ષ, રોગચાળો, જંગલની આગ અને અન્ય કુદરતી આફતો વગેરે જેવા વિવિધ પરિબળો પર આધારિત છે. [પેરા ૭૨] [૭૯૫–એચ; ૭૯૬–એ–બી]

૧.૭. પર્યાવરણ અને વન મંત્રાલય (એમઓએફ) હેઠળની સ્વાયત્ત સંસ્થા વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ડબલ્યુઆઈઆઈ) ના વન્યજીવ જીવવિજ્ઞાનીઓએ ગીર જંગલો પર સંશોધન હાથ ધર્યા પછી, ગીરમાં એશિયાઈ સિંહના લાંબાગાળાના સંરક્ષણની જરૂરિયાત નોંધી હતી અને તેના લાંબાગાળાના સંરક્ષણ માટે બીજા કુદરતી રહેઠાણની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

ઓક્ટોબર, ૧૯૯૩ માં વડોદરા ખાતે યોજાયેલ પોપ્યુલેશન એન્ડ હેબિટેટ એનાલિસિસ વર્કશોપે પણ તે હકીકત પર ભાર મૂક્યો હતો. નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ (એનબીડબલ્યુએલ) એ તેની તમામ બેઠકોમાં ભયગ્રસ્ત પ્રજાતિ એવા એશિયાઈ સિંહ માટે બીજા રહેઠાણની જરૂરિયાત અંગે સતત મંતવ્ય અપનાવ્યું છે. એશિયાઈ સિંહ માત્ર એક જ રહેઠાણ એટલે કે ગીર નેશનલ ફૉરેસ્ટ અને તેની આસપાસના વિસ્તારો પૂરતો મર્યાદિત રહ્યો છે અને સંભવિત રોગચાળો અથવા કુદરતી આફત ફાટી નીકળવાથી સમગ્ર પ્રજાતિનો નાશ થઈ શકે છે. મોટી અને વ્યાપક વસ્તીની સરખામણીમાં મર્યાદિત આનુવંશિક શક્તિ ધરાવતી નાની વસ્તી રોગો અને અન્ય હોનારતો માટે વધુ સંવેદનશીલ હોય છે. તેથી જોખમ વાસ્તવિક છે અને ૧૯૯૪ માં તાંઝાનિયાના સેરેંગેટી એનપીમાં સિંહોમાં કેનાઈન ડિસ્ટેમ્પર ફાટી નીકળવાથી તે સાબિત થયું છે. એવું અનુભવાયું હતું કે જો આ સ્તરનો રોગચાળો ગીરના સિંહોને અસર કરે, તો ગીરના જંગલોનો ઘણો નાનો વિસ્તાર અને સિંહોની ઓછી વસ્તીને જોતાં, તેમને લુપ્ત થતાં બચાવવા ખૂબ મુશ્કેલ બનશે. ગિરનાર, મિતિયાળા, રાજુલા, કોડીનાર અને આસપાસના વિસ્તારો જેવા રહેઠાણના વિસ્તારોમાં આ રોગ ફેલાવાની શક્યતાને નકારી શકાય નહીં. [પેરા ૪૩] [૭૯૬-બી-જી]

૧.૮. ડબલ્યુઆઈઆઈ, એનબીડબલ્યુએલ, એમઓએફ ના જૈવ-વૈજ્ઞાનિકો અને અન્ય નિષ્ણાતો દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યોમાં એકરૂપતા છે કે

એશિયાઇ સિંહ જેવી ભયગ્રસ્ત પ્રજાતિઓ માટે બીજું ઘર હોવું અત્યંત મહત્વપૂર્ણ છે. તેના પુનઃપ્રવેશ માટે સૌથી યોગ્ય રહેઠાણ શોધવા માટે વિગતવાર અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે અને મધ્ય પ્રદેશમાં આવેલું કુનો વન્યજીવ અભયારણ્ય સૌથી આદર્શ રહેઠાણ હોવાનું જણાયું છે. [પેરા ૪૪] [૭૯૬–એચ; ૭૯૭–એ–બી]

૧.૯. કોઈ રાજ્ય, સંસ્થા કે વ્યક્તિ જંગલના જંગલી પ્રાણીઓ પર માલિકી કે કબજાનો દાવો કરી શકે નહીં. વાઇલ્ડ લાઇફ (પ્રોટેક્શન) એક્ટ, ૧૯૭૨ હેઠળ કલમ ૨(૩૬) હેઠળ જંગલી પ્રાણીની વ્યાખ્યા કરવામાં આવી છે જેનો અર્થ પરિશિષ્ટ ૧ થી ૪ માં નિર્દિષ્ટ અને કુદરતમાં જંગલી અવસ્થામાં જોવા મળતું કોઈપણ પ્રાણી થાય છે. કલમ ૨(૩૭) હેઠળ 'વાઇલ્ડ લાઇફ' ની વ્યાખ્યામાં કોઈપણ પ્રાણી, મધમાખીઓ, પતંગિયાઓ, ક્રસ્ટેશિયન, માછલી અને કીડાઓ, અને કોઈપણ રહેઠાણનો ભાગ બનતી જમીન વનસ્પતિનો સમાવેશ થાય છે. કલમ ૧૧ અને કલમ ૧૨ હેઠળ પૂરી પાડવામાં આવેલી જોગવાઈઓ સિવાય, પરિશિષ્ટ ૧, ૨, ૩ અને ૪ માં નિર્દિષ્ટ જંગલી પ્રાણીઓના શિકાર પર કલમ ૯ પ્રતિબંધ મૂકે છે. અધિનિયમની કલમ ૪૦ વ્યક્તિને ઘોષણા કરવાની ફરજ પાડે છે અને કલમ ૪૧ ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડનને પૂછપરછ કરવા અને યાદીઓ તૈયાર કરવા સક્ષમ બનાવે છે અને કલમ ૪૨ પ્રમાણપત્રો આપવા સાથે સંબંધિત છે અને તે કોઈ ચોક્કસ રાજ્ય કે અન્યને જંગલી

પ્રાણીઓની માલિકી પ્રદાન કરતી નથી. જંગલમાં રહેતા પ્રાણીઓ રાષ્ટ્રની સંપત્તિ છે જેના પર કોઈ રાજ્ય માલિકીનો દાવો કરી શકે નહીં અને દેશની પારિસ્થિતિક અને પર્યાવરણીય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ઙન્યજીવોનું રક્ષણ અને તેનું સંરક્ષણ કરવાની રાજ્યની ફરજ છે. [પેરા ૪૫] [૭૯૭–સી–એફ]

૧.૧૦. ઘણા સ્થળાંતરિત પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ અને જંગલના પ્રાણીઓ માણસ દ્વારા બનાવવામાં આવેલી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સરહદો ઓળંગે છે અને દરેક રાષ્ટ્રની તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવાની ફરજ અને જવાબદારી છે. કોઈ રાષ્ટ્ર કે સંસ્થા તેમના પર માલિકી કે કબજાનો દાવો કરી શકે નહીં, ૧૯૭૯ માં બોન ખાતે યોજાયેલ જંગલી પ્રાણીઓની સ્થળાંતરિત પ્રજાતિઓના સંરક્ષણ પરનું સંમેલન આ સિદ્ધાંતને સમર્થન આપે છે અને સંમેલન સ્વીકારે છે કે જંગલી પ્રાણીઓ તેમના અસંખ્ય સ્વરૂપોમાં પૃથ્વીની કુદરતી પ્રણાલીનો બદલી ન શકાય તેવો ભાગ છે અને માનવજાતના ભલા માટે તેનું સંરક્ષણ કરવું આવશ્યક છે. તેણે માન્યતા આપી છે કે જે જંગલી પ્રાણીઓની સ્થળાંતરિત પ્રજાતિઓ તેમની રાષ્ટ્રીય અધિકારક્ષેત્રની સરહદોની અંદર રહે છે અથવા તેમાંથી પસાર થાય છે તેના રક્ષક રાજ્યો છે અને હોવા જોઈએ. સંમેલન એ બાબત પર ભાર મૂકે છે કે જંગલી પ્રાણીઓની સ્થળાંતરિત પ્રજાતિઓના સંરક્ષણ અને અસરકારક વ્યવસ્થાપન માટે તે તમામ રાજ્યોની સંયુક્ત કાર્યવાહીની જરૂર છે જેમના રાષ્ટ્રીય અધિકારક્ષેત્રની સરહદોમાં આવી પ્રજાતિઓ

તેમના જીવન ચક્રનો કોઈપણ ભાગ વિતાવે છે. ભારત પણ આ સંમેલનનું હસ્તાક્ષરકર્તા છે. [પેરા ૪૬] [૭૯૭–જી–એચ; ૭૯૮–એ–બી]

૧.૧૧. સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ, ગુજરાત (એસબીડબલ્યુએલ, ગુજરાત), જેની રચના રાજ્ય સરકાર દ્વારા વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ, ૧૯૭૨ ની કલમ ૬ હેઠળ કરવામાં આવી છે, તે ગુજરાતમાંથી કુનો ખાતે સિંહના સ્થળાંતરની દરખાસ્ત સાથે સંમત ન હતું, જે વલણને ગુજરાત રાજ્ય દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું. વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટની કલમ ૫એ હેઠળ આપવામાં આવેલી સત્તાઓની રૂએ કેન્દ્ર સરકાર દ્વારા રચવામાં આવેલ એનબીડબલ્યુએલના મંતવ્યો, એસબીડબલ્યુએલ દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યો કરતાં પ્રબળ રહેશે. અધિનિયમની કલમ ૫સી હેઠળ નેશનલ બોર્ડને અને અધિનિયમની કલમ ૮ હેઠળ સ્ટેટ બોર્ડને સોંપવામાં આવેલી ફરજો તદ્દન અલગ છે. વૈધાનિક રીતે, દેશમાં પારિસ્થિતિક અને પર્યાવરણીય સુરક્ષા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી વન્યજીવોના સંરક્ષણ અને વિકાસને પ્રોત્સાહન આપવાની એનબીડબલ્યુએલની ફરજ છે. કાયદાએ તેના શાણપણમાં વન્યજીવન અને જંગલોનું સંરક્ષણ અને વિકાસ પ્રદાન કરવાની ફરજ એનબીડબલ્યુએલ પર સોંપી છે. તેથી એનબીડબલ્યુએલ એ નીતિઓ ઘડવા અને વન્યજીવ સંરક્ષણને પ્રોત્સાહન આપવાના માર્ગો અને સાધનો પર કેન્દ્ર અને રાજ્ય સરકારોને સલાહ આપવા અને દેશમાં વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે થયેલી પ્રગતિની સમીક્ષા કરવા અને

તેમાં સુધારા માટેના પગલાં સૂચવવા માટે સ્થપાયેલી સર્વોચ્ચ વૈજ્ઞાનિક સંસ્થા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો કોઈપણ સચોટ કે સ્વીકાર્ય કારણો વિના તેના અભિપ્રાયને અવગણી શકે નહીં. રોગચાળો, જંગલની મોટી આગ વગેરે જેવી હોનારતો, જે લુપ્ત થવામાં પરિણમી શકે છે, તેનાથી બચાવવા માટે એશિયાઇ સિંહ માટે બીજું ઘર હોવું જોઈએ તેવો એનબીડબલ્યુએલ દ્વારા લેવાયેલો નિર્ણય વાજબી છે. [પેરા ૨૮, ૪૮ અને ૫૦] [૭૮૮–બી–ડી; ૮૦૦–એ–બી; ૭૯૮–જી; ૭૯૯–ડી–એચ]

૧.૧૨. પ્રાણી અથવા છોડને જે રહેઠાણમાંથી તે લુપ્ત થઈ ગયું હોય ત્યાં પુનઃપ્રવેશ કરાવવો તેને એક્સ–સિટુ સંરક્ષણ તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતે કેટલાક પુનઃપ્રવેશ કાર્યક્રમો સફળતાપૂર્વક સિદ્ધ કર્યા છે, ઉદાહરણ તરીકે, કાઝીરંગામાંથી ગેંડા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન વગેરેની નદીઓમાં ગંગાના ઘડિયાળનો પુનઃપ્રવેશ. સજીવનો પુનઃપ્રવેશ એ સજીવનું તેના મૂળ વ્યાપ વિસ્તારના એવા ભાગમાં ઈરાદાપૂર્વકનું સ્થળાંતર છે જ્યાંથી તે માનવ પ્રવૃત્તિઓ અથવા કુદરતી હોનારતના પરિણામે અદૃશ્ય થઈ ગયું હોય અથવા નાશ પામ્યું હોય. કુનો એ એશિયાઇ સિંહોનું ઐતિહાસિક રહેઠાણ હોવાનું સાબિત થયું હતું. [પેરા ૫૧ અને ૫૨] [૮૦૦–ડી–જી]

૧.૧૩. એશિયાઈ સિંહના પુનઃપ્રવેશ માટે સંભવિત સ્થિતિના સર્વેક્ષણ પછી, ડબલ્યુઆઈઆઈ દ્વારા આખરી અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો, જે ૩૧.૧.૧૯૯૫ ના રોજ પ્રકાશિત થયો હતો, જેમાં કુનો વન્યજીવ અભયારણ્ય (મધ્ય પ્રદેશ) એશિયાઈ સિંહના પુનઃપ્રવેશ માટે સૌથી યોગ્ય રહેઠાણ તરીકે ઉભરી આવ્યું હતું. મંત્રી પરિષદે ૨૮.૨.૧૯૯૬ ના રોજ આ યોજનાને મંજૂરી આપી હતી. ૧૯૯૬ અને ૨૦૦૧ ની વચ્ચે, મધ્ય પ્રદેશ વન વિભાગ દ્વારા આશરે ૧૫૪૭ પરિવારો ધરાવતા ૨૪ ગામોને અભયારણ્યમાંથી સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. મધ્ય પ્રદેશ સરકારે અભયારણ્યની આસપાસ સિરોની, આગ્રા અને મોરાવન વન રેન્જને આવરી લેતા ૧૨૮૦ ચોરસ કિમી કુનો વન્યજીવ વિભાગનું પણ સીમાંકન કર્યું હતું. ભારત સરકારે તેના તારીખ ૨૧.૧.૧૯૯૭ ના હુકમ દ્વારા ૩૭૨૦.૯ હેક્ટર વન જમીનનું ડાયવર્ઝન કરવાનો આદેશ આપ્યો હતો, જેમાં ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટની કલમ ૨ હેઠળ ૧૮ ગામો સુરક્ષિત હતા. ભારત સરકાર દ્વારા કલ્પિત ૨૦ વર્ષની યોજનાને એનબીડબલ્યુએલ દ્વારા ૧૦.૩.૨૦૦૪ ના રોજ મળેલી તેની બેઠકમાં પણ મંજૂરી આપવામાં આવી હતી. મધ્ય પ્રદેશ સરકારે ગામોનું મોટા પાયે પુનઃસ્થાપન હાથ ધર્યું અને તેમને વૈકલ્પિક સ્થળો આપ્યા. ભારત સરકારે સદર હેતુ માટે રૂપિયા ૧૫ કરોડની રકમ ખર્ચી છે. આમ એનબીડબલ્યુએલ ની મંજૂરી સાથે એશિયાઈ સિંહના પુનઃપ્રવેશ માટે કુનો વન્યજીવ અભયારણ્યને યોગ્ય બનાવવા માટે મધ્ય પ્રદેશ રાજ્ય,

એમઓએફ અને ભારત સંઘ દ્વારા તમામ શક્ય પગલાં લેવામાં આવ્યા છે. [પેરા પર અને પ૩] [૮૦૦–જી–એચ; ૮૦૧–એ–ઈ]

૧.૧૪. એશિયાઇ સિંહનો પુનઃપ્રવેશ આઇયુસીએન દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકાઓ અનુસાર અને ભયગ્રસ્ત પ્રજાતિઓના પુનઃપ્રવેશના ક્ષેત્રના નિષ્ણાતોની સક્રિય ભાગીદારી સાથે થવો જોઈએ. તેથી એમઓએફ ને ગીરના જંગલોમાંથી કુનો ખાતે એશિયાઇ સિંહના પુનઃપ્રવેશ માટે તાત્કાલિક પગલાં લેવાનો નિર્દેશ આપવામાં આવે છે. એમઓએફ એ એમઓએફ ના વરિષ્ઠ અધિકારીઓ, મધ્ય પ્રદેશ અને ગુજરાત રાજ્યોના ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડન્સની બનેલી એક નિષ્ણાત સમિતિની રચના કરવાની રહેશે. ટેકનિકલ નિષ્ણાતો પણ આ સમિતિના સભ્યો હોવા જોઈએ. અન્ય કોઈપણ નિષ્ણાતને પણ સમિતિના સભ્યો તરીકે સામેલ કરી શકાય છે. પુનઃપ્રવેશ કરાવવાના સિંહોની સંખ્યા શિકાર આધારની ઘનતા અને અન્ય સંબંધિત પરિબળો પર નિર્ભર રહેશે, જેનું આકલન સમિતિ કરશે. [પેરા ૬૧] [૮૦૮–સી–એફ]

ડ<u>બલ્યુ.પી.(સી) નંબર ૨૦૨/૧૯૯૫ માં ૨૦૧૨ ની આઇ.એ. નંબર ૩૪પર:</u>

૨. કુનો વન્યજીવ અભયારણ્યમાં એશિયાઇ સિંહના પુનઃપ્રવેશ પહેલાં આફ્રિકન ચિત્તા લાવવા માટે એમઓએફ દ્વારા લેવાયેલો નિર્ણય મનસ્વી, ગેરકાયદેસર અને વાઇલ્ડલાઇફ પ્રોટેક્શન એક્ટ હેઠળ આપવામાં આવેલી

વૈધાનિક જરૂરિયાતોનું સ્પષ્ટ ઉલ્લંઘન કરનાર છે. એમઓએફ એ કુનો ખાતે વિદેશી ચિત્તા લાવવાનો હુકમ પસાર કરતાં પહેલાં કોઈ વિગતવાર અભ્યાસ હાથ ધર્યો નથી. કુનો એ આફ્રિકન ચિત્તાઓ માટે ઐતિહાસિક રહેઠાણ નથી. તે હકીકત સ્થાપિત કરવા માટે કોર્ટ સમક્ષ કોઈ સામગ્રી રજૂ કરવામાં આવી નથી. ભારતમાં વિદેશી પ્રજાતિ દાખલ કરતાં પહેલાં વિગતવાર વૈજ્ઞાનિક અભ્યાસ કરવો જરૂરી છે, જે પ્રસ્તુત કેસમાં કરવામાં આવ્યો નથી. વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ હેઠળ આ હેતુ માટે સ્થપાયેલ વૈધાનિક બોર્ડ એવા એનબીડબલ્યુએલ ની પણ સલાહ લેવામાં આવી ન હતી. કુનોમાં આફ્રિકન ચિત્તા દાખલ કરવાનો એમઓએફ નો હુકમ કાયદાની નજરમાં ટકી શકે નહીં અને તેને રદબાતલ કરવામાં આવે છે. [પેરા ૫૯ અને ૬૦] [૮૦૭–ઈ–એચ; ૮૦૮–એ]

૩. ઘણી પ્રજાતિઓ લુપ્ત થઈ જાય તે પહેલાં પુનઃપ્રાપ્તિ કાર્યક્રમો હાથ ધરવા માટે ભયગ્રસ્ત પ્રજાતિઓના જતન અને સંરક્ષણ માટે એક વિશિષ્ટ સંસદીય કાયદાની જરૂરિયાત છે. એનડબલ્યુએપી (૨૦૦૨–૨૦૧૬) એ એશિયાઈ સિંહ અને જંગલી ભેંસ ઉપરાંત ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ, બંગાળ ફ્લોરિકન, ડ્યુગોંગ, મણિપુર બ્રાઉ એન્ટલર્ડ ડીયર જેવી પ્રજાતિઓને ભયગ્રસ્ત પ્રજાતિઓ તરીકે પહેલેથી જ ઓળખી કાઢી છે અને તેથી, ભારત સરકાર અને એમઓએફ ને તે ભયગ્રસ્ત પ્રજાતિઓના જતન માટે તાત્કાલિક પગલાં લેવા તેમજ પુનઃપ્રાપ્તિ કાર્યક્રમો શરૂ કરવા નિર્દેશ આપવામાં આવે છે. ભારત સરકાર

અને એમઓએફ ને વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની તમામ ભયગ્રસ્ત પ્રજાતિઓની ઓળખ કરવા, તેમની જરૂરિયાતોનો અભ્યાસ કરવા અને સુરક્ષાના વર્તમાન સ્તર અને જોખમોના સ્વરૂપને સ્થાપિત કરવા માટે તેમના પર્યાવરણ અને રહેઠાણોનું સર્વેક્ષણ કરવા પણ નિર્દેશ આપવામાં આવે છે. તેઓએ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની પ્રજાતિઓની સ્થિતિની સમયાંતરે સમીક્ષા કરવી જોઈએ, અને દર ત્રણ વર્ષે આઇયુસીએન રેડ ડેટા લિસ્ટ સાથે તેને સહસંબંધિત કરવી જોઈએ. અદાલતો અને પર્યાવરણવિદોએ પુનઃપ્રાપ્તિ કાર્યક્રમોના અમલીકરણ માટે વધુ ધ્યાન આપવું જોઈએ અને તે કલ્પનાશીલતા અને પ્રતિબદ્ધતા સાથે હાથ ધરવામાં આવે. [પેરા ૬૩] [૮૦૮– ; ૮૦૯–એ–ઈ]

### કેસ લો રેફરન્સ:

૨૦૧૦ (૧૨) એસ.સી.આર. ૫૮૩ આધાર રાખવામાં આવ્યો પેરા ૨૯

૨૦૧૧ (૭) એસ.સી.આર. ૯૫૪ આધાર રાખવામાં આવ્યો પેરા ૩૨

૨૦૧૨ (૩) એસ.સી.આર. ૪૬૦ સંદર્ભ લેવામાં આવ્યો પેરા ૩૭

૧૯૯૬ (૧૦) સપ્લી. એસ.સી.આર. ૧૨ આધાર રાખવામાં આવ્યો પેરા ૪૧

ઈન

રીટ પીટીશન (સિવિલ) નંબર ૩૩૭/૧૯૯૫.

ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૨ હેઠળ.

વિથ

ડબલ્યુ.પી. (સી) નંબર ૨૦૨/૧૯૯૫ માં આઈ.એ. નંબર ૩૪૫૨.

પી.પી. મલ્હોત્રા, એએસજી, પી.એસ. નરસિમ્હા, (એ.સી.) ટી.એસ. ડિઓબિયા, રાજ પંજવાણી, શ્યામ દિવાન, સુખબીર કૌર બાજવા, કિરણ ભારદ્વાજ, બી.કે. પ્રસાદ, આશા જી. નાયર, મો. ખીથે, ડી.એસ. માહરા, વિજય પંજવાણી, રાહુલ ચૌધરી, આદિત્ય શામલાલ, અનિતા શેનોય, હેમંતિકા વાહી, નિર્માણ શર્મા, જેસલ, ગૌરવ અગ્રવાલ, કે. પરમેશ્વર, હારિસ બીરાન, પી.કે. મનોહર, રાજીવ કે. દુબે, શિવ પ્રકાશ પાંડે, કમલેન્દ્ર મિશ્રા, વિભા દત્તા મખીજા ઉપસ્થિત પક્ષકારો તરફે.

કોર્ટનો ચુકાદો **ન્યાયમૂર્તી કે.એસ. રાધાકૃષ્ણન** દ્વારા આપવામાં આવેલ.

ઈન્ટરવેન્શન માટેની અરજી મંજૂર કરવામાં આવે છે.

૧. ભયગ્રસ્ત પ્રજાતિ એવા એશિયાઇ સિંહ (પેન્થેરા લીઓ પર્સિકા) ના લાંબાગાળાના અસ્તિત્વ માટે અને પ્રજાતિને લુપ્ત થતી અટકાવવા માટે બીજા ઘરની જરૂરિયાત નક્કી કરવા માટે અમારું ધ્યાન દોરવામાં આવ્યું છે, જે ઈકો–સેન્ટ્રિઝમ પર આધારિત મુદ્દો છે, જે તમામ વન્યજીવ સ્વરૂપોના રક્ષણને સમર્થન આપે છે, માત્ર તે જ નહીં જે મનુષ્યો માટે સાધનરૂપ મૂલ્ય ધરાવે છે પરંતુ જે આંતરિક મૂલ્ય ધરાવે છે.

**હકીકતો:**

૨. ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય (જે હવે પછી 'એમઓએફ' તરીકે ઉલ્લેખિત છે) હેઠળની એક સ્વાયત્ત સંસ્થા, વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (જે હવે પછી 'ડબલ્યુઆઈઆઈ' તરીકે ઉલ્લેખિત છે) એ તેના વન્યજીવ જીવવિજ્ઞાનીઓ મારફતે ૧૯૮૬ થી ગુજરાત રાજ્યના ગીર જંગલ ખાતે નોંધપાત્ર સંશોધન કર્યું હતું. તે તમામ અભ્યાસો એવી માહિતી પૂરી પાડવા માટે તૈયાર કરવામાં આવ્યા હતા જે ગીર જંગલના બહેતર વ્યવસ્થાપન માટે મદદરૂપ થાય અને વિશ્વમાં એશિયાઇ સિંહના એકમાત્ર રહેઠાણ એવા ગીરમાં સિંહોના લાંબાગાળાના સંરક્ષણની સંભાવનાઓને વધારે. વન્યજીવ જીવવિજ્ઞાનીઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલી માહિતીએ તેના લાંબાગાળાના સંરક્ષણ માટે બીજા કુદરતી રહેઠાણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કેટલાક વૈજ્ઞાનિકોએ એશિયાઇ સિંહોના લાંબાગાળાના અસ્તિત્વને સુનિશ્ચિત કરવા માટે

પુનઃપ્રવેશ પ્રોજેક્ટ માટે મુખ્ય ઉમેદવાર તરીકે ઓળખ્યા હતા. ઓક્ટોબર ૧૯૯૩ માં, ગુજરાતના વડોદરા ખાતે પોપ્યુલેશન એન્ડ હેબિટેટ એનાલિસિસ વર્કશોપ યોજાઈ હતી. તે બેઠકમાં વિચારણા માટે વિવિધ મુદ્દાઓ આવ્યા હતા અને એશિયાઇ સિંહો માટે બીજા ઘરની જરૂરિયાત એ તે બેઠકમાં ચર્ચા કરાયેલા મુદ્દાઓ પૈકીનો એક હતો. એશિયાઇ સિંહોના પુનઃપ્રવેશ માટે સઘન સર્વેક્ષણ માટે ત્રણ વૈકલ્પિક સ્થળો સૂચવવામાં આવ્યા હતા, જેની વિગતો નીચે મુજબ છે:

૧. દર્રાહ–જવાહરસાગર વાઇલ્ડલાઇફ સેન્ચ્યુરી (રાજસ્થાન)

૨. સીતામાતા વાઇલ્ડલાઇફ સેન્ચ્યુરી (રાજસ્થાન)

૩. કુનો વાઇલ્ડલાઇફ સેન્ચ્યુરી (મધ્ય પ્રદેશ)

૩. ડબલ્યુઆઈઆઇ ની રિસર્ચ એડવાઇઝરી કમિટીએ તે સ્થળોની ક્ષમતાનું મૂલ્યાંકન કરવા માટે પૂર્વ સર્વેક્ષણની જરૂરિયાતને માન્યતા આપી હતી. તદનુસાર, ક્ષેત્ર સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. ઉનાળા દરમિયાન પાણીની ઉપલબ્ધતાનું મૂલ્યાંકન કરવા અને ઋતુઓ દરમિયાન રહેઠાણ પર માનવીય પ્રભાવમાં થતા ફેરફારોની ખાતરી કરવા માટે, શિયાળા તેમજ ઉનાળા દરમિયાન ત્રણેય સ્થળોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. સર્વેક્ષણકર્તાઓએ જંગલવાળા રહેઠાણની સળંગતા સ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે પસંદ કરેલા સુરક્ષિત વિસ્તારોમાં અને તેની અડીને આવેલા જંગલ વિસ્તારની હદ નક્કી કરવા પર

ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. પ્રત્યક્ષ નિરીક્ષણ તેમજ પરોક્ષ પુરાવાઓના આધારે ત્રણેય સ્થળોએ જંગલી ખરીવાળા પ્રાણીઓના શિકારની સાપેક્ષ વિપુલતા સ્થાપિત કરવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા હતા. ત્રણેય સ્થળોએ રહેઠાણની ગુણવત્તા પર લોકો અને તેમના પશુધનની અસરનું મૂલ્યાંકન પણ કરવામાં આવ્યું હતું. સર્વેક્ષણ કરાયેલા ત્રણ સ્થળો પૈકી, કુનો વન્યજીવ અભયારણ્ય (જે હવે પછી 'કુનો' તરીકે ઉલ્લેખિત છે) એશિયાઇ સિંહોની મુક્ત વસ્તી સ્થાપિત કરવા પુનઃપ્રવેશ માટે સૌથી યોગ્ય સ્થળ જણાયું હતું. ડબલ્યુઆઈઆઇ વતી રવિ ચેલમ, જસ્ટસ જોશ્વા, ક્રિસ્ટી એ. વિલિયમ્સ અને એ. જે. ટી. જોહ્નસિંઘ જેવા પ્રખ્યાત વૈજ્ઞાનિકો દ્વારા તે અંગેનો એક મુસદ્દો અહેવાલ તૈયાર કરવામાં આવ્યો હતો. અહેવાલમાં બહાર આવ્યું છે કે કુનો એ એશિયાઇ સિંહોનો ઐતિહાસિક વિતરણ વિસ્તાર હતો. અહેવાલમાં સંસાધનો, કર્મચારીઓની લાંબાગાળાની પ્રતિબદ્ધતા, વ્યાપક પુનર્વસન પેકેજની જરૂરિયાત, પૂરતો સ્ટાફ અને સુવિધાઓની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. સમિતિએ કુનોમાં વાઘની હાજરીને મુખ્ય મર્યાદિત પરિબળ માન્યું ન હતું, ખાસ કરીને વાઘની સંખ્યા અને ઘનતા ઘણી ઓછી હોવાથી. સિંહો સ્થિર સામાજિક એકમોમાં રહેતા હોવાથી, અહેવાલમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે સ્થળાંતર માટે સિંહોને એક જ ઝૂંડમાંથી લેવા પણ મહત્વપૂર્ણ છે. વધુમાં, એ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે આનુવંશિક બાબત કોઈ મોટું પરિબળ રહેશે નહીં, શરત એ છે કે દર ત્રણથી

પાંચ વર્ષે ગીરથી કુનોમાં નવા નર સિંહો લાવવામાં આવે અને કુનોમાં રહેતા નર સિંહોને પ્રાણી સંગ્રહાલય માટે પસંદગીપૂર્વક પકડવામાં આવે.

૪. ત્યારબાદ મધ્ય પ્રદેશ રાજ્યે કુનોમાં એશિયાઇ સિંહોના પુનઃસ્થાપનની યોજનાને આગળ વધારવા માટે કુનોમાં અને તેની નજીક વસેલા ગ્રામજનો માટે મોટા પાયે પુનર્વસન પેકેજ હાથ ધર્યું હતું. એવું જોવામાં આવ્યું હતું કે ૨૪ મહેસૂલી ગામોના આશરે ૧૫૪૫ પરિવારો કુનોની અંદર રહેતા હતા અને તેમનું અભયારણ્યની બહાર પુનર્વસન કરવાનું હતું. નજીકના વિસ્તારોમાં યોગ્ય અને પૂરતી મહેસૂલી જમીન ઉપલબ્ધ ન હોવાથી, તે ગામોને પડતર સંરક્ષિત જંગલો પર પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પુનર્વસન માટેનું સૂચિત સ્થળ સંરક્ષિત જંગલના વિવિધ બ્લોક્સમાં આવતું હોવાથી, પુનર્વસનના હેતુ તરીકેના ઉપયોગમાં ફોરેસ્ટ (કન્ઝર્વેશન) એક્ટ, ૧૯૮૦ ની કલમ ૨ હેઠળ એમઓએફ પાસેથી પૂર્વ મંજૂરી મેળવવાની કાનૂની જવાબદારી સામેલ હતી.

૫. તેથી, સચિવ (જંગલો), મધ્ય પ્રદેશ સરકારે ફોરેસ્ટ (કન્ઝર્વેશન) એક્ટ, ૧૯૮૦ અનુસાર કેન્દ્ર સરકારની આખરી મંજૂરી માંગીને એમઓએફ ને તારીખ ૨૪.૭.૧૯૯૬ નો પત્ર મોકલ્યો હતો. એમઓએફ એ મધ્ય પ્રદેશ રાજ્યની વિનંતીની તપાસ કર્યા પછી, કેટલીક શરતોની પરિપૂર્ણતાને આધીન, કુનોની અંદર આવેલા ૧૮ ગામોના પુનર્વસન માટે ૩૭૨૦.૯ હેક્ટર વન જમીન

ડાયવર્ટ કરવા માટે ફૉરેસ્ટ (કન્ઝર્વેશન) એક્ટ, ૧૯૮૦ ની કલમ ૨ હેઠળ તેની મંજૂરી જણાવી હતી. ૧૩–ફૉરેસ્ટ કમ્પાર્ટમેન્ટ્સ પૈકીના ૩૭૨૦.૯ હેક્ટરમાંથી, ૧૨ કમ્પાર્ટમેન્ટ્સનો ૩૩૯૫.૯ હેક્ટર વન વિસ્તાર ભારત સરકાર દ્વારા ડી–નોટિફિકેશન માટે આખરી રીતે મંજૂર કરવામાં આવ્યો હતો. ઉમરીકાલા ફૉરેસ્ટ બ્લોકનો કમ્પાર્ટમેન્ટ નંબર પી–૪૪૨ ભારત સરકારના તારીખ ૧.૨.૨૦૦૦ ના પત્ર દ્વારા મૂળ દરખાસ્તમાંથી બાકાત રાખવામાં આવ્યો હતો અને તેથી, પ્રથમ તબક્કામાં મુક્ત કરાયેલ વિસ્તાર ભારત સરકારની યોગ્ય પરવાનગી પછી ડી–નોટિફાઇડ કરવામાં આવ્યો હતો. બીજા તબક્કામાં મુક્ત કરાયેલ ૧૨૬૩.૯ હેક્ટરનો વન વિસ્તાર ભારત સરકારની પરવાનગીના અભાવે ડી–નોટિફાઇડ થઈ શક્યો ન હતો. ભારત સરકારે કુનો ખાતે એશિયાઇ લાયન રિઇન્ટ્રોડક્શન પ્રોજેક્ટના અસરકારક અમલીકરણ માટે મોનિટરિંગ કમિટીની રચના કરી હતી જેની બેઠક ૧૦.૩.૨૦૦૪ ના રોજ મળી હતી. બેઠકમાં ડબલ્યુઆઇઆઇ ના સર્વેક્ષણ અહેવાલ પર ચર્ચા કરવામાં આવી હતી અને એવું નોંધવામાં આવ્યું હતું કે મધ્ય પ્રદેશના કુનો પાલપુર અભયારણ્યને પ્રોજેક્ટ સ્થળ તરીકે ઓળખવામાં આવ્યું હતું અને નીચે મુજબ ત્રણ તબક્કામાં ૨૦ વર્ષનો પ્રોજેક્ટ કલ્પવામાં આવ્યો હતો:

(એ) તબક્કો ૧ (૧૯૯૫–૨૦૦૦ એ.ડી.) ગામડાંનું પુનઃસ્થાપન અને રહેઠાણનો વિકાસ.

(બી) તબક્કો ૨ (૨૦૦૦–૨૦૦૫) સ્થળ પર ફેન્સિંગ, સ્થળાંતર, સંશોધન અને મોનિટરિંગ.

(સી) તબક્કો ૩ (૨૦૦૫–૨૦૧૫) ઈકો–ડેવલપમેન્ટ.

બેઠકમાં એ બાબત તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે, હાલમાં, પ્રોજેક્ટ બીજા તબક્કામાં હતો અને કુનોમાંથી ૧૮ ગામોનું પુનર્વસન કરવામાં આવ્યું હતું. વધુમાં, બેઠકમાં, ગુજરાતના ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડને જોકે એવો અભિપ્રાય આપ્યો હતો કે સિંહો પૂરા પાડવા માટે ગુજરાત રાજ્ય તરફથી કોઈ પ્રતિબદ્ધતા ન હતી અને રાજ્ય સરકાર તેના માટે સંમત થઈ ન હતી. ચર્ચાના આધારે, ચેરમેને ચર્ચાઓમાંથી ઉદ્ભવેલી સર્વસંમતિનો નીચે મુજબ સારાંશ આપ્યો:

૧. કુનો પાલપુર અભયારણ્યમાં સ્થળાંતર માટે સિંહો પૂરા પાડવાની વિનંતી સાથે પ્રોજેક્ટના ઔચિત્ય પર ભાર મૂકતો એમઓએફ ના રાજ્ય મંત્રીશ્રીનો પત્ર ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને મોકલવો જોઈએ.

૨. ગુજરાત રાજ્યને પ્રોજેક્ટ દસ્તાવેજોનો એક સેટ પૂરો પાડવો જોઈએ.

૩. મધ્ય પ્રદેશના ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડને ગીરથી કુનોમાં સિંહોના સ્થળાંતર માટે અંતિમ વિગતો સાથેનો રોડમેપ તૈયાર કરવો જોઈએ.

૪. કુનોમાં શિકાર આધારનું આકલન ડબલ્યુઆઈઆઈ દ્વારા થવું જોઈએ.

૫. સિંહ પર ધ્યાન કેન્દ્રિત કરીને કોઈ વધારાનો ખર્ચ કરવો નહીં; જોકે, અન્ય જંગલી પ્રાણીઓ માટે રહેઠાણ સુધારણા/કલ્યાણ પહેલ માટે ભંડોળ સહાય ચાલુ રહી શકે છે.

૬. ગ્રામજનોના પુનર્વસન માટેની યોજના કેન્દ્ર પુરસ્કૃત "બેનિફિશિયરી-ઓરિએન્ટેડ સ્કીમ ફોર ટ્રાઇબલ ડેવલપમેન્ટ" દ્વારા તૈયાર કરવામાં આવી હતી. સદર યોજનામાં જણાવવામાં આવ્યું હતું કે કુનોની હદ બહાર ૨૪ ગામોના ૧૫૪૫ પરિવારોના સંતોષકારક પુનઃસ્થાપન માટે કુલ રૂપિયા ૧૫૪૫ લાખથી વધુની જરૂર પડશે. ૧૫૪૫ લાખ પૈકી ૧૦૬૧ લાખ પુનઃસ્થાપન પ્રક્રિયા પર ખર્ચવામાં આવ્યા હતા. બાકીના ૪૮૪ લાખ બાકી રહેલા પુનર્વસન કામો માટે મુક્ત કરવા જરૂરી હતા. મધ્ય પ્રદેશના ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડને સદર ખર્ચને પ્રમાણિત કર્યો હતો.

૭. આ દરમિયાન ડબલ્યુઆઈઆઈ એ કુનોમાં સિંહોના પુનઃસ્થાપન માટે શિકારની વસ્તીનું વિગતવાર મૂલ્યાંકન કર્યું હતું. એવું જોવામાં આવ્યું હતું કે કુનોમાંથી ગામડાંઓનું પુનઃસ્થાપન પૂર્ણ થઈ ગયું હોવાથી, મધ્ય પ્રદેશ સરકાર શક્ય તેટલી વહેલી તકે પુનઃપ્રવેશ માટે ગુજરાતમાંથી સિંહો મેળવવાનું આયોજન કરવા માટે અભયારણ્યમાં શિકાર આધારનું મૂલ્યાંકન કરવા આતુર હતી. સદર હેતુ માટે, જંગલી શિકાર આધારના મૂલ્યાંકનનું કામ ડબલ્યુઆઈઆઈ ને સોંપવામાં આવ્યું હતું. પરિણામે, ડબલ્યુઆઈઆઈ ના ફેકલ્ટીએ, ૩૪ વન કર્મચારીઓની મદદથી, ડૉ. રઘુ ચુંડાવતના માર્ગદર્શન હેઠળ કુનોમાં ખરીવાળા પ્રાણીઓનો અભ્યાસ હાથ ધર્યો હતો અને ૨.૧.૨૦૦૫ થી ૮.૧.૨૦૦૫ અને ૮.૨.૨૦૦૫ થી ૧૩.૨.૨૦૦૫ દરમિયાન શિકાર આકલનની કવાયત હાથ ધરી હતી. જૂન ૨૦૦૬ (જુલાઈ ૨૦૦૬) માં એક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. એમઓએફ ના મંત્રીશ્રીએ કુનો ખાતે બે સિંહોના સ્થળાંતર માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને તારીખ ૨૦.૭.૨૦૦૬ નો પત્ર મોકલ્યો હતો. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ તેમના તારીખ ૩૦.૪.૨૦૦૬ ના પત્ર દ્વારા જવાબ આપતાં જણાવ્યું હતું કે વધુ મંતવ્યો માટે આ બાબત સંબંધિત વિભાગ સમક્ષ મૂકવામાં આવી છે. પરંતુ ગામડાંઓનું પુનઃસ્થાપન કરવા, અનામત જંગલને ડી–નોટિફાઈ કરવા વગેરે માટે ભારત સરકાર દ્વારા કરોડો અને કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા હોવા છતાં કંઈ પરિણામ આવ્યું નહીં, જેને કારણે ડબલ્યુઆઈઆઈ દ્વારા ભલામણ કરાયેલ અને ભારત સરકાર દ્વારા મંજૂર કરાયેલ

પુનઃસ્થાપન કાર્યક્રમનો અમલ કરવા સામાવાળાઓને નિર્દેશ આપવાની અરજ સાથે આ જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી.

૮. આદિજાતિ કલ્યાણ, વન અને પર્યાવરણ મંત્રી, ગુજરાત સરકારે તેમના તારીખ ૧૮.૮.૨૦૦૭ ના ડી.ઓ. પત્ર દ્વારા સંકેત આપ્યો હતો કે એશિયાઇ સિંહો માટે મધ્ય પ્રદેશના કુનો ખાતે બીજું ઘર બનાવવાની દરખાસ્ત સાથે સંમત થવું રાજ્ય સરકાર માટે શક્ય નથી. જ્યારે આ બાબત તારીખ ૩૦.૧૧.૨૦૦૭ ના રોજ આ કોર્ટ સમક્ષ વિચારણા માટે આવી ત્યારે આ કોર્ટે નીચે મુજબનો હુકમ પસાર કર્યો હતો:

> "ગીર નેશનલ પાર્કમાં જોવા મળતા કેટલાક એશિયાઇ સિંહોને મધ્ય પ્રદેશના જંગલમાં સ્થળાંતરિત કરવાની દરખાસ્ત હતી. ગુજરાત રાજ્યે કેટલાક વાંધાઓ ઉઠાવ્યા છે. મધ્ય પ્રદેશ રાજ્ય તેનો જવાબ દાખલ કરવા માંગે છે...... સદર દરખાસ્ત નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડલાઇફ સમક્ષ રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવે છે. એનબીડબલ્યુએલ ગુજરાત રાજ્યના વાંધાઓ અને મધ્ય પ્રદેશના જવાબ પર વિચાર કરી શકે છે અને ચાર મહિનામાં આ કોર્ટમાં તેની ભલામણ રજૂ કરી શકે છે."

૯. એનબીડબલ્યુએલ એ ત્યારબાદ ૧૮.૨.૨૦૦૮ ના રોજ વન અને વન્યજીવ રાજ્ય મંત્રીશ્રીના અધ્યક્ષપદે બેઠક બોલાવી હતી. ગુજરાતના ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડને સિંહો અને તેમના રહેઠાણને રક્ષણ પૂરું પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા વિવિધ પગલાં વિશે બોર્ડને માહિતગાર કર્યા અને નીચે મુજબ રજૂઆત કરી:

(એ) કુનો પાલપુરમાં ૬ થી ૮ વાઘની વસ્તી છે અને લગભગ સમાન કદની મોટી બિલાડીઓનું સહઅસ્તિત્વ અસંભવિત હતું.

(બી) વિશ્વભરમાં સિંહો ગરમ સમયગાળા દરમિયાન સામાન્ય તાપમાન ૪૨ ડિગ્રી સે. (આશરે) થી નીચે હોય તેવા સબ–ટ્રોપિકલથી નજીકના સબ–ટ્રોપિકલ વાતાવરણમાં ઘાસના મેદાનો પસંદ કરવા માટે જાણીતા છે જ્યારે કુનોમાં ઉનાળા દરમિયાન ઘણા દિવસો સુધી તાપમાન ૪૫ ડિગ્રી સે. થી વધુ રહેતું ગરમ વાતાવરણ જાણીતું છે.

(સી) કુનો ખાતે શિકારનો આધાર પણ સિંહો માટે પૂરતો નથી.

(ડી) અમરેલી અને ભાવનગર જિલ્લામાં ગીરની આસપાસ સિંહોની સંખ્યા અને ભૌગોલિક વિતરણ વધી રહ્યું છે. સિંહોના હોમ રેન્જમાં આ એક કુદરતી વધારો છે, જેને સ્થાનિક વસ્તી દ્વારા સારી રીતે આવકારવામાં આવ્યો છે. ગીર નેશનલ પાર્ક અને ગીર–પાણીયા–મિતિયાળા અભયારણ્ય અને દેવળિયા ઈન્ટરપ્રિટેશન પાર્ક ઉપરાંત, સિંહોએ ગિરનાર, સાવરકુંડલા, પાલીતાણા અને મહુવાની ટેકરીઓના ઘાસના મેદાનોમાં અને અમરેલી જિલ્લાના જાફરાબાદ અને રાજુલાના દરિયાકાંઠાના વિસ્તારમાં, ભાવનગર જિલ્લાના મહુવા અને પાલીતાણા તાલુકાઓમાં ઘર બનાવ્યું છે.

(ઈ) બરડા અભયારણ્ય વિસ્તાર સિંહ માટે ઘર તરીકે અસરકારક રીતે તૈયાર કરવામાં આવી રહ્યો છે જેમાં વનસ્પતિમાં સુધારો થયો છે જ્યારે ચિત્તલ દાખલ કરવામાં આવ્યા છે.

(એફ) હોમ રેન્જનો કુદરતી વિસ્તરણ એ કુદરતી મેટા વસ્તી સ્થાપિત કરવાનો અસરકારક માર્ગ છે જે ગીર પ્રદેશમાં વિવિધ સ્થળોએ આવેલી વસ્તી વચ્ચે ભાગ્યે જ ક્રિયાપ્રતિક્રિયા કરે છે. આમ અસરકારક રીતે અલગ પડેલી વસ્તી કે જેને હજુ પણ મૂળ વસ્તીમાંથી આનુવંશિક ઇનપુટ્સ મળી શકે છે તે સ્થપાઈ રહી છે, જે સંરક્ષણની કાર્યક્ષમ પદ્ધતિ પૂરી પાડે છે.

(જી) વર્ષ ૨૦૦૭–૨૦૦૮ દરમિયાન, ગુજરાત સરકારે સિંહ સંરક્ષણ માટે એક વિશેષ કાર્યક્રમ શરૂ કર્યો છે જેમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ સિંહ સંરક્ષણ માટે રૂપિયા ૪૦ કરોડના પાંચ વર્ષના એક્શન પ્લાન પેકેજની જાહેરાત કરી છે જેમાં પ્રોટેક્શન ફોર્સમાં વધારો, હેબિટેટ મેનેજમેન્ટ, લોકોની ભાગીદારી મેળવવા માટે જાગૃતિ લાવવી વગેરેનો સમાવેશ થાય છે.

૧૦. એનબીડબલ્યુએલ ના ચેરમેને ત્યારબાદ ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન, ગુજરાત દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર મધ્ય પ્રદેશ સરકારનો અભિપ્રાય માંગ્યો.

૧૧. એડિશનલ પીસીસીએફ (ડબલ્યુએલ), મધ્ય પ્રદેશ સરકારે જણાવ્યું હતું કે કુનો ગુજરાતમાંથી સિંહો મુક્ત થવાની રાહ જોઈ રહ્યું હતું અને મધ્ય પ્રદેશ સરકારે કુનોને સિંહો માટે આદર્શ બીજું ઘર બનાવવા માટે તમામ જરૂરી પગલાં લીધાં હતાં. વધુમાં, એ બાબત તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે રાજ્યે સદર હેતુ માટે અભયારણ્યમાંથી ૨૪ ગામોનું પુનઃસ્થાપન પહેલેથી જ કરી દીધું છે. વધુમાં, એ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે ડબલ્યુઆઈઆઈ દ્વારા હાથ ધરવામાં આવેલા યોગ્ય વૈજ્ઞાનિક અભ્યાસો પછી કુનોને સિંહો માટે બીજા ઘર તરીકે સૂચવવામાં આવ્યું હતું અને કુનોથી સિંહોના સંરક્ષણ માટે કોઈ જોખમ ઊભું થયું નથી. વધુમાં, એ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે કુનોમાં શિકારનો આધાર પુષ્કળ પ્રમાણમાં હતો અને તેમણે વિનંતી કરી કે સિંહોને શક્ય તેટલી વહેલી તકે કુનો ખાતે સ્થળાંતરિત કરવામાં આવે.

૧૨. બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીના ડિરેક્ટર અને સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય ડૉ. અસદ રહેમાનીએ ધ્યાન દોર્યું કે કુનોમાં વાઘની છૂટીછવાઈ હાજરી કોઈ પણ સંજોગોમાં સિંહોના પુનઃપ્રવેશ માટે હાનિકારક નથી. સ્ટેન્ડિંગ કમિટીના સભ્ય ડૉ. દિવ્યભાનુસિંહ ચાવડાએ પણ એ હકીકત પર ભાર મૂક્યો હતો કે સિંહો માટે બીજું ઘર બનાવવાની જરૂરિયાત હતી. ડૉ. ચાવડાએ રોગચાળાને કારણે તાંઝાનિયાના સેરેંગેટી નેશનલ પાર્ક અને આફ્રિકાના અન્ય વિસ્તારોમાં મોટી સંખ્યામાં સિંહોના મોતના ઉદાહરણનો ઉલ્લેખ કર્યો હતો. ડૉ. ચાવડાએ ચેતવણી

આપી હતી કે, ગીરમાં પણ આવું બની શકે છે. સ્ટેન્ડિંગ કમિટીના બાકીના સભ્યોએ પણ ગુજરાતમાંથી કુનો ખાતે સિંહોના સ્થળાંતરના નિર્ણયને સમર્થન આપ્યું હતું. એનબીડબલ્યુએલ ની સ્ટેન્ડિંગ કમિટીએ નોંધ્યું હતું કે ગુજરાતમાંથી કુનો ખાતે સિંહોના સ્થળાંતર માટે સર્વસંમતિથી ભલામણ કરવામાં આવી હતી.

૧૩. ગુજરાત રાજ્યે તારીખ ૪.૪.૨૦૦૯ ના રોજ આ કોર્ટ સમક્ષ વિગતવાર સોગંદનામું દાખલ કરીને જણાવ્યું હતું કે રાજ્યે સિંહોના સ્થળાંતર સામે વાંધો ઉઠાવ્યો હતો અને સ્ટેન્ડિંગ કમિટીનો નિર્ણય સર્વસંમત ન હતો. વધુમાં, એ બાબત તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે કુનો ખાતે સિંહો મેળવવા માટે પૂરતો શિકાર આધાર નથી.

૧૪. આ કોર્ટે ગુજરાત, મધ્ય પ્રદેશ રાજ્યો તેમજ એમઓએફ દ્વારા દાખલ કરાયેલ સોગંદનામું વાંચ્યા પછી, ફરીથી તારીખ ૨૨.૪.૨૦૦૯ નો હુકમ પસાર કરીને એનબીડબલ્યુએલ ને આ વિષય પર નવેસરથી વિચારણા કરવા અને અહેવાલ દાખલ કરવા નિર્દેશ આપ્યો હતો. એવો પણ આદેશ આપવામાં આવ્યો હતો કે એનબીડબલ્યુએલ એ અહેવાલ દાખલ કરતાં પહેલાં જો જરૂરી હોય તો બંને રાજ્યોને સાંભળવા જોઈએ. ગુજરાત રાજ્ય દ્વારા દાખલ કરવામાં આવેલું વધારાનું સોગંદનામું પણ તારીખ ૧૭.૭.૨૦૦૯ ના રોજ મળેલી બેઠકમાં એનબીડબલ્યુએલ સમક્ષ વિચારણા માટે મૂકવામાં આવ્યું હતું. તે બેઠકમાં

ગુજરાત રાજ્ય વતી ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન અને અગ્ર સચિવ (જંગલો) ઉપસ્થિત રહ્યા હતા. વિગતવાર ચર્ચા પછી, એનબીડબલ્યુએલ ની સ્ટેન્ડિંગ કમિટીએ આખરી નિર્ણય લેતા પહેલા આ વિષય પર ઈન–હાઉસ ટેકનિકલ ચર્ચા કરવાનો સર્વસંમતિથી નિર્ણય લીધો હતો. તેથી, ૧૬.૯.૨૦૦૯ ના રોજ બોલાવવામાં આવેલી સ્ટેન્ડિંગ કમિટીની ૧૬મી બેઠક દરમિયાન ટેકનિકલ ચર્ચા યોજાઈ હતી. તે બેઠકમાં, મધ્ય પ્રદેશ સરકારના પ્રતિનિધિઓ (અધિક મુખ્ય સચિવ અને ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન), ગુજરાત સરકાર (અગ્ર સચિવ – વન અને ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન) સાથે નેશનલ બોર્ડ ઓફ વાઈલ્ડલાઈફની સ્ટેન્ડિંગ કમિટીના બિન–સત્તાવાર સભ્યો પણ ચર્ચા દરમિયાન ઉપસ્થિત હતા. તારીખ ૧૬.૯.૨૦૦૯ ના રોજ યોજાયેલી ટેકનિકલ ચર્ચામાં નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા હતા:

> "ગીરથી કુનો પાલપુરમાં એશિયાઇ સિંહના સ્થળાંતરના મુદ્દા પર ટેકનિકલ ચર્ચા

ત્યારબાદ એજન્ડા આઇટમ નંબર ૪ પર ચર્ચા કરવામાં આવી હતી.

મેમ્બર સેક્રેટરીએ કમિટીને માહિતગાર કર્યા કે છેલ્લી બેઠક દરમિયાન મધ્ય પ્રદેશ (એમ.પી.) માં કુનો પાલપુર અભયારણ્યમાં સિંહોના સ્થળાંતરના મુદ્દા પર વિગતવાર ટેકનિકલ ચર્ચા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

ચેરમેને અવલોકન કર્યું કે આ મુદ્દો માત્ર ગુજરાતમાંથી એમ.પી. માં સિંહોના સ્થળાંતરનો નથી પરંતુ સ્થળાંતરિત સિંહોના અસ્તિત્વની લાંબાગાળાની સદ્ધરતાનો પણ છે. તેમણે એ પણ ધ્યાન દોર્યું કે ભૂતકાળમાં એમ.પી. તેમજ યુ.પી. માં સિંહોનું સ્થળાંતર અસફળ રહ્યું છે. વધુમાં, હાલમાં એમ.પી. માં વાઘ સંરક્ષણ માટે પણ રાજ્ય સરકાર તરફથી કેન્દ્રિત પ્રયાસોની જરૂર છે. આ સંજોગોમાં સિંહોના સ્થળાંતર અંગેનો કોઈપણ નિર્ણય વિવેકપૂર્ણ પરામર્શ પછી ખૂબ કાળજીપૂર્વક લેવાની જરૂર છે.

ડૉ. દિવ્યભાનુસિંહ ચાવડાએ માહિતી આપી હતી કે સિંહોના સ્થળાંતરના અગાઉના કિસ્સાઓમાં બંને કેસોમાં, સિંહોનો શિકાર કરવામાં આવ્યો હતો કારણ કે તેઓ પશુઓ ઉપાડનારા બન્યા હતા અને પ્રવેશ કરાયેલા વિસ્તારોમાં સિંહ–માનવ વચ્ચે તીવ્ર સંઘર્ષ સર્જાયો હતો કારણ કે તે વિસ્તારો નાના હતા અને પૂરતા શિકાર આધાર વિનાના હતા. જોકે, હાલનો કેસ આવો નથી. હાલમાં શિકાર પર કાયદેસર રીતે પ્રતિબંધ છે અને સૂચિત પ્રવેશ વિસ્તારમાં માત્ર પૂરતો શિકાર આધાર જ નથી પરંતુ તે માનવ વસ્તી વિનાનો પણ છે. સીડબલ્યુએલડબલ્યુ, એમ.પી. એ પણ માહિતી આપી હતી કે કુનો પાલપુર અભયારણ્ય ૬૦ સિંહોને પણ સમાવી શકે છે કારણ કે અભયારણ્યની આસપાસ લગભગ ૯૦૦ ચોરસ કિમીનો બફર વિસ્તાર હતો. રાજ્ય વન વિભાગના સર્વેક્ષણ મુજબ પૂરતો શિકાર આધાર હતો. અધિક મુખ્ય સચિવ, મધ્ય પ્રદેશ સરકારે

રજૂઆત કરી હતી કે આ મુદ્દો બે રાજ્યો વચ્ચેનો નથી પરંતુ સિંહોના અસ્તિત્વનો હતો અને તેને ગુજરાત રાજ્યની બહાર વૈકલ્પિક ઘર પૂરું પાડવાની જરૂર છે. પ્રોજેક્ટ પર રૂપિયા ૩૪.૦૦ કરોડથી વધુ ખર્ચ થઈ ચૂક્યો છે. જો જંગલી સિંહો ઉપલબ્ધ ન હોય, તો ભૂતકાળમાં પ્રસ્તાવિત કર્યા મુજબ સોફ્ટ રિલીઝને અનુસરીને ઓળખાયેલા વિસ્તારમાં ઝૂ બ્રેડ સિંહો દાખલ કરી શકાય છે. ડૉ. એમ.કે. રણજીતસિંહનો અભિપ્રાય હતો કે જંગલમાં ઝૂ બ્રેડ અથવા કેપ્ટિવ બ્રેડ સિંહો દાખલ કરવા તે યોગ્ય અભિગમ નથી. એકમાત્ર ઉપાય સિંહોની જંગલી વસ્તી દાખલ કરવાનો હતો. ડૉ. અસદ રહેમાનીએ પણ ડૉ. રણજીતસિંહના આ મંતવ્યોને સમર્થન આપ્યું હતું.

કેપ્ટિવ બ્રેડ સિંહો દાખલ કરવાના મુદ્દાને વિસ્તૃત કરતાં, ડાયરેક્ટર, ડબલ્યુઆઈઆઈ એ માહિતી આપી હતી કે જંગલમાં આવા પ્રાણીઓ દાખલ કરવા એ ૬–૧૨ વર્ષનો લાંબો સમય માંગી લેતી પ્રક્રિયા છે. કેપ્ટિવ બ્રેડ વસ્તીની માત્ર ફિલિયલ–૨ અથવા ફિલિયલ–૩ ને સોફ્ટ રિલીઝ દ્વારા જંગલમાં દાખલ કરી શકાય છે અને મજબૂત રાજકીય, વહીવટી અને નાણાકીય પ્રતિબદ્ધતાઓ સાથે તમામ સ્તરે વૈજ્ઞાનિક ઇનપુટ્સ સાથે કડક મોનિટરિંગની જરૂર પડશે. મેમ્બર સેક્રેટરીએ ધ્યાન દોર્યું કે માનનીય સુપ્રિમ કોર્ટે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા દાખલ કરાયેલા વધારાના સોગંદનામાના વિશેષ સંદર્ભ સાથે આ મુદ્દો સ્ટેન્ડિંગ કમિટીને મોકલ્યો છે. ચેરમેને ઈચ્છા વ્યક્ત કરી કે મંત્રાલય આ

બાબતે મુસદ્દો જવાબ તૈયાર કરી શકે અને તેને સ્ટેન્ડિંગ કમિટીના સભ્યો વચ્ચે પરિભ્રમણ કરી શકે અને તેમના મંતવ્યોનો સમાવેશ કર્યા પછી, માનનીય કોર્ટ સમક્ષ દાખલ કરવાના જવાબ અંગે નિર્ણય લેવામાં આવશે. એવી પણ ઈચ્છા વ્યક્ત કરવામાં આવી હતી કે આ મુસદ્દો તમામ સભ્યો વચ્ચે એક મહિનાની અંદર પરિભ્રમણ થવો જોઈએ. ચેરમેને એવું પણ અવલોકન કર્યું કે મંત્રાલય કુનોપાલપુરમાં કેપ્ટિવ બ્રેડ સિંહોના સોફ્ટ રિલીઝના અગાઉ મંજૂર કરાયેલા કાર્યક્રમને ફરી શરૂ કરી શકે છે."

૧૫. એનબીડબલ્યુએલ ની સ્ટેન્ડિંગ કમિટી ત્યારબાદ ૨૨.૧૨.૨૦૦૯ ના રોજ મળી હતી, ટેકનિકલ કમિટીના અહેવાલનું વાંચન કર્યું હતું અને નીચે મુજબના અવલોકનો કર્યા હતા:

> "એવી રજૂઆત કરવામાં આવે છે કે ઉપરોક્ત પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખીને, ગુજરાતમાંથી મધ્ય પ્રદેશમાં સિંહના સ્થળાંતરના મુદ્દા પર નેશનલ બોર્ડ ફોર વાઇલ્ડલાઇફની સ્ટેન્ડિંગ કમિટીના અવલોકનો નીચે મુજબ છે:

૩.૧. ભારતમાં એશિયાઇ સિંહોની વસ્તી માત્ર ગીર નેશનલ પાર્ક અને ગીર અભયારણ્યમાં તેના રહેઠાણ પૂરતી મર્યાદિત રહી છે, જ્યાં તેઓ માનવ-પ્રાણી સંઘર્ષ, સંભવિત રોગચાળો ફાટી નીકળવો અથવા કોઈપણ કુદરતી આફત વગેરેને કારણે જોખમોનો સામનો કરે છે. આવી ક્રિયાઓ સમગ્ર વસ્તીનો નાશ કરી શકે છે. તેથી એશિયાઇ સિંહો માટે બીજા ઘરની જરૂરિયાત અનુભવાઈ હતી

અને તદનુસાર, ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશના વિવિધ સંરક્ષિત વિસ્તારો અને જંગલોમાં વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા દ્વારા રહેઠાણની શક્યતાના અભ્યાસોના આધારે, અંતે ત્રણ અલગ-અલગ સ્થળોનો વધુ વિગતવાર અભ્યાસ કરવામાં આવ્યો હતો જેમાંથી મધ્ય પ્રદેશના મુરેના જિલ્લામાં આવેલું કુનો પાલપુર અભયારણ્ય ગીર બહાર એશિયાઇ સિંહની બીજી મુક્ત વસ્તી સ્થાપિત કરવા અને પુનઃપ્રવેશ માટે સૌથી યોગ્ય જણાયું હતું.

૩.૨. ગુજરાત સરકારની એવી દલીલ સાચી નથી કે કુનો પાલપુરમાં તેની વિષમ આબોહવાની પરિસ્થિતિઓને કારણે સિંહો ટકી શકશે નહીં. અહીં એ ઉલ્લેખ કરી શકાય છે કે સિંહો ઐતિહાસિક સમયમાં પેલેસ્ટાઇન અને અરેબિયાના રણથી લઈને ઈરાનના ઠંડા શંકુદ્રુમ જંગલો સુધીની વિષમ આબોહવામાં વિકાસ પામ્યા છે. તેઓ આબોહવા દ્વારા નહીં, પરંતુ માનવ ક્રિયા દ્વારા નાશ પામ્યા હતા. સિંહો તેમના સમગ્ર વ્યાપ વિસ્તારમાં વિવિધ શિકાર ઘનતા, તાપમાન અને વનસ્પતિ સમુદાયો સાથે વિવિધ પ્રકારના રહેઠાણોમાં અસ્તિત્વ ધરાવે છે અને ટકી રહે છે, અને જ્યારે ગીરની એકંદર શિકાર ઘનતા સિંહની ઘનતાના ઉચ્ચ ક્ષેત્રમાં છે જ્યારે કુનો સિંહોના મધ્યમથી નીચી ઘનતાવાળા વિસ્તારોમાં છે, કુનોમાં કુદરતી શિકારની ઘનતા ગીરની બહાર દક્ષિણ સૌરાષ્ટ્રના વિસ્તારોમાં કુદરતી શિકારની ઘનતા કરતાં નોંધપાત્ર રીતે વધારે છે જ્યાં સિંહોએ હવે રહેઠાણ બનાવ્યું છે અને જ્યાં રાજ્ય સરકાર તેમને જાળવી રાખવા માંગે છે. ગીરની

બહારની આ "બહારની" સિંહ વસ્તીમાંથી જ કુનો પાલપુરમાં સ્થળાંતર કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેથી, કુનોની શિકાર ઘનતાની તુલના ગીર સાથે કરવી અને પછી એવા નિષ્કર્ષ પર આવવું અવાજબી હશે કે કુનો સિંહો માટે અયોગ્ય રહેઠાણ છે. તે હાલમાં સિંહના રહેઠાણો અને શિકાર ઘનતાના ક્ષેત્રની અંદર સારી રીતે છે.

૩.૩. ગુજરાત સરકારે, વધારાના સોગંદનામાના પેરા ૧૧ દ્વારા જણાવ્યું હતું કે વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાએ જંગલી ખરીવાળા પ્રાણીઓની વસ્તી વૃદ્ધિ રજૂ કરતી વખતે અંદાજો અને આગાહીઓ માટે સરળ લોજિસ્ટિક મોડેલનો ઉપયોગ કર્યો છે. ગુજરાત સરકારની આ દલીલ યોગ્ય નથી. વાસ્તવમાં, મોડેલો વાસ્તવિકતાના અમૂર્ત સ્વરૂપો છે. સરળ મોડેલો સામાન્ય ઉપયોગો અને ઓછી ધારણાઓ ધરાવે છે. જટિલ મોડેલો ચોક્કસ ઇકોસિસ્ટમનું વધુ વાસ્તવિક પ્રતિનિધિત્વ કરે છે પરંતુ તે અત્યંત ડેટા સઘન હોય છે. ગુજરાત સરકાર દ્વારા સૂચવવામાં આવેલા મોડેલ જેવા મોડેલો માટે જરૂરી ડેટા ભારતમાં મોટાભાગની વસ્તી માટે ઉપલબ્ધ નથી અને તેથી તે ત્યાં શૈક્ષણિક કવાયત બની રહે છે. મોડેલના પરિણામો/ભલામણોને આંખ મીંચીને અનુસરવા જોઈએ નહીં. કોઈપણ સંજોગોમાં, સિંહોના પ્રસ્તાવિત પુનઃપ્રવેશ પહેલાં શિકારની ઘનતાનું મૂલ્યાંકન ફરીથી થવું જોઈએ અને પુનઃપ્રવેશ સમયપત્રક/યોજના કુનોની શિકાર વસ્તી દ્વારા સાકાર થયેલા વધારાના દરને અનુરૂપ યોગ્ય રીતે

સંશોધિત થવી જોઈએ. તે મૂળ યોજનાનો ભાગ છે અને કોઈપણ સંજોગોમાં, ઉપર નોંધ્યા મુજબ, કુનોમાં કુદરતી શિકારની ઘનતા ગુજરાતમાં ગીરની બહારના વિસ્તારો કરતાં વધારે છે જ્યાં સિંહોએ રહેઠાણ બનાવ્યું છે અને જ્યાં તેઓ મુખ્યત્વે પશુધનનો શિકાર કરીને જીવે છે.

૩.૪. ગીરના સિંહો લગભગ ૧ થી ૪ હજાર વર્ષ પહેલાં અને અન્ય લગભગ ૧૫૦-૨૦૦ વર્ષ પહેલાં બે અવરોધો (બોટલનેક) માંથી પસાર થયા છે અને તેથી તેઓ અત્યંત ઈનબ્રેડ છે. પુનઃપ્રવેશનો પ્રયાસ કુનોમાં સિંહોના ઝૂંડના પ્રવેશ સાથે સમાપ્ત થતો નથી. ગીર અને કુનો વચ્ચે પ્રતિ પેઢી ૨-૩ સિંહોના દરે વ્યક્તિગત સિંહોના વિનિમય/પૂરકનો સતત કાર્યક્રમ જરૂરી છે. કુનો સિંહ વસ્તીનો જીન પૂલ ગીરના સિંહોની નજીક ન આવે ત્યાં સુધી આ પૂરક ચાલુ રાખવાની જરૂર છે. એવી કલ્પના કરવામાં આવી છે કે આવા વિનિમય ઓછામાં ઓછા ૨૫-૩૦ વર્ષ સુધી ચાલે પરંતુ લાંબા સમયગાળા દરમિયાન સતત વિનિમયથી લાભ થશે. કુનો અને ગીરની વસ્તીને મેટા-પોપ્યુલેશન તરીકે સંચાલિત કરી શકાય છે જે ગીર સિંહ વસ્તીને વસ્તી વિષયક તેમજ આનુવંશિક લાભો પણ પ્રદાન કરશે.

૩.૫. ગુજરાત સરકારની એવી દલીલ સાચી નથી કે ૨૦મી સદીની શરૂઆતમાં અને ૧૯૫૬ દરમિયાન ખાસ કરીને ઉત્તર પ્રદેશના ચંદ્રપ્રભા

વાઇલ્ડલાઇફ સેન્ચ્યુરીમાં અગાઉના પ્રસંગે કરવામાં આવેલું સિંહોનું સ્થળાંતર અસફળ રહ્યું હતું અને તેથી હાલનું સ્થળાંતર પણ બહુ પરિણામ આપશે નહીં. કારણ એ છે કે સિંહોના સ્થળાંતરના અગાઉના કિસ્સાઓમાં, સિંહોનો શિકાર કરવામાં આવ્યો હતો કારણ કે તેઓ પશુઓ ઉપાડનારા બન્યા હતા અને પ્રવેશ કરાયેલા વિસ્તારોમાં સિંહ–માનવ વચ્ચે તીવ્ર સંઘર્ષ સર્જાયો હતો કારણ કે તે વિસ્તારો નાના હતા અને પૂરતા શિકાર આધાર વિનાના હતા અને માનવ વસ્તીથી બોજારૂપ હતા. જોકે, હાલનો કેસ આવો નથી. હાલમાં શિકાર પર કાયદેસર રીતે પ્રતિબંધ છે અને સૂચિત પ્રવેશ વિસ્તાર માત્ર પૂરતો શિકાર આધાર ધરાવતો નથી પરંતુ માનવ વસ્તી વિનાનો પણ છે. વધુમાં વધુ સારા વૈજ્ઞાનિક ઈનપુટ્સ છે, મધ્ય પ્રદેશ રાજ્ય સરકાર તરફથી સંપૂર્ણ પ્રતિબદ્ધતા છે અને જરૂરી હોમવર્ક કરવામાં આવ્યું છે. તેથી, વર્તમાન પુનઃસ્થાપન અગાઉના પ્રયાસો સાથે તુલનાત્મક નથી.

૩.૬. ગેરકાયદે શિકારનો મુદ્દો મહત્વપૂર્ણ છે. ગુજરાત સરકારે તેનો ખૂબ સારી રીતે સામનો કર્યો છે. જ્યાં સુધી સિંહ/વાઘના અંગોની માંગ રહેશે ત્યાં સુધી ગેરકાયદે શિકાર એક ખતરો બની રહેશે. કુનો વિસ્તારમાં પણ મેનેજમેન્ટે ગેરકાયદે શિકારના સંદર્ભમાં વધુ સતર્ક રહેવું પડશે. વધુમાં, રાષ્ટ્રીય ગૌરવ અને એક સમયે ભારતનું રાષ્ટ્રીય પ્રાણી રહી ચૂકેલી આવી પ્રજાતિના બહેતર અને લાંબાગાળાના સંરક્ષણ માટે ટેકનોક્રેટ્સ અને વૈજ્ઞાનિકોના સંપૂર્ણ અને સમર્પિત

સમર્થન તેમજ મજબૂત રાજકીય અને અમલદારશાહી પ્રતિબદ્ધતા સાથે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો દ્વારા સામૂહિક કાર્યવાહીની પણ જરૂર છે.

૩.૭. ભારત સરકારનો ઉદ્દેશ્ય ભવિષ્યની પેઢી માટે એશિયાઇ સિંહોનું સંરક્ષણ કરવાનો છે અને આ પ્રયાસ માત્ર કુનોમાં સિંહના ઝૂંડને દાખલ કરવાથી સમાપ્ત થતો નથી. આ ઉદ્દેશ્ય પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માટે ગુજરાત અને મધ્ય પ્રદેશ એશિયાઇ સિંહોના આનુવંશિક અને વસ્તી વિષયક ડેટાના આધારે મેટા–પોપ્યુલેશન મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવામાં સાથે મળીને કામ કરે તે અનિવાર્ય રહેશે. આ સહકારી અભિગમ વિના, રાષ્ટ્ર/વિશ્વનો સિંહ સંરક્ષણ ઉદ્દેશ્ય પૂરો થશે નહીં.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને, એવી ભલામણ કરવામાં આવે છે કે ગીર વિસ્તારમાંથી વૈકલ્પિક વિસ્તારમાં, હાલમાં કુનો–પાલપુર અભયારણ્યમાં સિંહોનું સ્થળાંતર એ ભવિષ્યની પેઢી માટે સિંહોના સંરક્ષણ માટે આવશ્યક સમયની જરૂરિયાત છે. ઉપર જણાવ્યા મુજબ, સિંહોના સંરક્ષણના પ્રયાસો માત્ર સ્થળાંતરના પ્રયાસોથી અટકશે નહીં, પરંતુ તમામ હિતધારકોની સક્રિય ભાગીદારી દ્વારા ચાલુ રહેશે."

૧૬. સ્ટેન્ડિંગ કમિટીએ ત્યારબાદ આ કોર્ટ સમક્ષ તે અંગેનું સોગંદનામું દાખલ કરવા એમઓએફ ને અધિકૃત કર્યું. તદનુસાર, એમઓએફ દ્વારા ૭.૧.૨૦૧૦ ના રોજ આ કોર્ટ સમક્ષ સોગંદનામું દાખલ કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્યે પણ ૧૨.૧૧.૨૦૧૦ ના રોજ વિગતવાર સોગંદનામું દાખલ કર્યું હતું. તેના સોગંદનામામાં, ગુજરાત રાજ્યે કુનો ખાતે શિકાર આધારની અપૂરતા અને કુનો ખાતેના કબજા હેઠળના વિસ્તારમાં વાઘની હાજરીને મુખ્ય મર્યાદિત પરિબળો તરીકે દર્શાવ્યા હતા. વધુમાં, એ બાબત તરફ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે વર્તમાન એશિયાઇ સિંહની વસ્તી એ એક જ જગ્યાએ સીમિત એકલી વસ્તી નથી પરંતુ બૃહદ ગીર પ્રદેશમાં ઘણા સ્થળોએ ફેલાયેલી મેટા-પોપ્યુલેશન ધરાવે છે અને સારી સંરક્ષણ પદ્ધતિઓ અને સઘન વન્યજીવ આરોગ્ય સંભાળને કારણે આ વિસ્તારમાં એશિયાઇ સિંહ સહિત વન્યજીવોની પેઢીઓ સુધી રોગચાળા મુક્ત શાસન રહ્યું છે.

૧૭. ગુજરાત રાજ્યે એવું વલણ અપનાવ્યું હતું કે, જોકે આ મુદ્દા પર એનબીડબલ્યુએલ ની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ચર્ચા કરવામાં આવી હતી, પરંતુ તેને સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડલાઇફ (ગુજરાત) સમક્ષ મૂકવામાં આવ્યો ન હતો, જે વાઇલ્ડ લાઇફ (પ્રોટેક્શન) એક્ટ હેઠળ વૈધાનિક જરૂરિયાત છે. તેથી, આ કોર્ટે ૨૭.૨.૨૦૧૨ ના રોજ રાજ્ય બોર્ડને સિંહોના સ્થળાંતરના મુદ્દા પર વિચાર કરવા અને તેનો અહેવાલ રજૂ કરવા નિર્દેશ આપ્યો હતો. તદનુસાર, આ બાબત રાજ્ય

બોર્ડ સમક્ષ મૂકવામાં આવી હતી. રાજ્ય બોર્ડે એવો અભિપ્રાય લીધો કે ગીરના જંગલમાં એશિયાઇ સિંહને રોગચાળાના રોગો અથવા આવા અન્ય પરિબળોથી કોઈ ખતરો નથી. એવું દર્શાવવામાં આવ્યું હતું કે વર્તમાન એશિયાઇ સિંહની વસ્તી વ્યાપક આધાર પરથી વધી છે અને વાજબી રીતે સારી વસ્તી પ્રાપ્ત થઈ છે. વધુમાં, એ બાબત તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે ગુજરાતમાંથી સ્થળાંતર કરવાના અગાઉના પ્રયાસો પણ નિષ્ફળ રહ્યા હતા અને બૃહદ ગીર પ્રદેશ એશિયાઇ સિંહો માટે આદર્શ જતન અને સંરક્ષણ સ્થળ હોવાથી, કુનો ખાતે એશિયાઇ સિંહ માટે બીજું ઘર શોધવાની કોઈ જરૂરિયાત નથી.

**<u>દલીલો:</u>**

૧૮. અમે અરજદાર તરફે ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી રાજ પંજવાણીને સાંભળ્યા, જેમણે રજૂઆત કરી હતી કે ગુજરાત સરકારના ઉદાસીન વલણને કારણે આ ૨૦ વર્ષનો પ્રોજેક્ટ અટકી પડ્યો છે. વિદ્વાન વરિષ્ઠ વકીલે રજૂઆત કરી હતી કે કુનો ખાતે એશિયાઇ સિંહના પુનઃપ્રવેશની જરૂરિયાત તીવ્રપણે અનુભવાઈ છે અને વૈજ્ઞાનિક જગતે આ ભયગ્રસ્ત પ્રજાતિના લાંબાગાળાના અસ્તિત્વ અને જતન માટે કુનો ખાતે સ્થળાંતર કરવાની સર્વસંમતિથી હિમાયત કરી છે. વિદ્વાન વરિષ્ઠ વકીલે ધ્યાન દોર્યું કે નિષ્ણાત ટેકનિકલ સંસ્થા એવી એનબીડબલ્યુએલ એ એક કરતાં વધુ પ્રસંગોએ પ્રોજેક્ટ સાથે આગળ વધવા માટે મંજૂરી આપી છે અને ટેકનિકલ મંજૂરી આપી છે, પરંતુ

ગુજરાત રાજ્યના ઉદાસીન અને અવગણનાભર્યા વલણને કારણે અપેક્ષિત ગતિ પકડી શકી નથી.

૧૯. મધ્ય પ્રદેશ રાજ્ય તરફે ઉપસ્થિત વિદ્વાન વકીલ સુશ્રી વિભા દત્તા મખીજાએ પ્રોજેક્ટને આગળ ધપાવવા માટે મધ્ય પ્રદેશ રાજ્ય દ્વારા લેવાયેલા પગલાં પર પ્રકાશ પાડ્યો હતો. વિદ્વાન વકીલે પ્રોજેક્ટના પ્રથમ તબક્કાને પૂર્ણ કરવા માટે મધ્ય પ્રદેશ રાજ્ય દ્વારા દાખલ કરવામાં આવેલા વિવિધ જવાબી સોગંદનામાનો સંદર્ભ આપ્યો હતો. વાઇલ્ડલાઇફ પ્રોટેક્શન એક્ટ હેઠળ કુનોને અભયારણ્ય તરીકે જાહેર કરવા માટે જરૂરી મંજૂરી પહેલેથી જ મેળવી લેવામાં આવી છે. એમઓએફ એ કેટલીક શરતોની પરિપૂર્ણતાને આધીન, કુનોની અંદર આવેલા અઢાર ગામોના પુનર્વસન માટે ૩૩૯૫.૯ હેક્ટર વન જમીન ડાયવર્ટ કરવા માટે ફોરેસ્ટ (કન્ઝર્વેશન) એક્ટની કલમ ૨ હેઠળ તેની મંજૂરી પહેલેથી જ આપી દીધી છે. એક અલગ કુનો વાઇલ્ડલાઇફ ડિવિઝન બનાવીને એપ્રિલ ૨૦૦૨ માં કુનો ખાતેનો વિસ્તાર વધારીને ૧૨૬૮.૮૬૧ ચોરસ કિમી કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત હેતુ માટે, ભારત સરકાર દ્વારા કુલ રૂપિયા ૧૫૪૫ લાખની રકમ મંજૂર કરવામાં આવી હતી અને તેનો રાજ્ય સરકાર દ્વારા ઉપયોગ કરવામાં આવ્યો હતો. વિદ્વાન વકીલે એ બાબત તરફ પણ ધ્યાન દોર્યું હતું કે વર્ષ ૨૦૦૨–૨૦૦૩ સુધીમાં કુલ ૨૪ ગામો અને ૧૫૪૩ પરિવારોને કુનોની બહાર

પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા અને તેમના દ્વારા છોડી દેવાયેલી જમીનોને ઘાસના મેદાનોમાં વિકસાવવામાં આવી છે.

૨૦. વિદ્વાન વકીલે એ પણ ધ્યાન દોર્યું હતું કે કુનો ખાતે શિકારની ઘનતા ગીર ખાતેની શિકારની ઘનતા કરતાં ઘણી વધી ગઈ છે. વર્ષ ૨૦૦૮ માં શ્રી ફિયાઝ એ. ખુદસર અને શ્રી રમણ દ્વારા ૨૦૦૪–૨૦૦૫ દરમિયાન હાથ ધરવામાં આવેલા પ્રે ડેન્સિટી સર્વેનો સંદર્ભ આપવામાં આવ્યો હતો. પ્રથમ, એ બાબત તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે ડબલ્યુઆઈઆઈ એ વર્ષ ૨૦૧૨ માં એક સ્વતંત્ર અભ્યાસ પણ હાથ ધર્યો હતો, જેણે મધ્ય પ્રદેશ રાજ્ય દ્વારા લેવાયેલા વલણને પણ સમર્થન આપ્યું હતું કે સિંહોની પૂરતી સંખ્યા મેળવવા માટે પૂરતો શિકાર આધાર છે. તે ઉપરાંત, સિંહો મેળવવા માટે અને તેમની જાળવણી અને દેખરેખ માટે વન કર્મચારીઓ, ગાર્ડ્સ વગેરેને પૂરતી તાલીમ પણ આપવામાં આવી છે.

૨૧. વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલ શ્રી પી. કે. મલ્હોત્રાએ રજૂઆત કરી હતી કે ગીરમાં એશિયાઇ સિંહની વસ્તી વધી રહી છે, પરંતુ તેમના અસ્તિત્વ સામે સંભવિત જોખમો છે; માનવસર્જિત, કુદરતી આફત તેમજ રોગચાળો ફાટી નીકળવો, જે તેમની નાની વસ્તીના આધાર અને ફેલાવાના મર્યાદિત ભૌગોલિક વિસ્તારને કારણે સમગ્ર વસ્તીનો નાશ કરી શકે છે. આવા

સંજોગોમાં જ સિંહો માટે બીજા ઘરની જરૂરિયાત અનુભવાઈ હતી, જેના માટે કુનો સૌથી યોગ્ય રહેઠાણ હોવાનું જણાયું હતું. જોકે, એ બાબત તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે જો પૂરતી સંખ્યામાં ખરીવાળા પ્રાણીઓ ઉપલબ્ધ હોય અને ગેરકાયદે શિકાર પર નિયંત્રણ, ઘાસના મેદાનનું વ્યવસ્થાપન, જળ વ્યવસ્થાપન, વિભાગની આસપાસ પથ્થરની દીવાલ બનાવવી વગેરે જેવા અસરકારક પગલાં લીધા પછી જ સિંહોનું સ્થળાંતર કરી શકાય. વિદ્વાન વરિષ્ઠ વકીલે નામીબિયાથી આયાત કરીને કુનોમાં ચિત્તાના પુનઃપ્રવેશના કાર્યક્રમ અંગે ડબલ્યુઆઈઆઈ અને વાઇલ્ડલાઇફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના નિષ્ણાતો દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસનો સંદર્ભ આપ્યો હતો. વિદેશ મંત્રાલયના રાજ્ય મંત્રી અને મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી વચ્ચેના પત્રવ્યવહારનો સંદર્ભ આપતાં, એ બાબત તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે સિંહોના ત્યારપછીના પુનઃપ્રવેશથી ચિત્તાની વસ્તી પર કોઈ અસર થવાની અપેક્ષા નથી, જે તે સમય સુધીમાં આ વિસ્તારમાં સ્થાપિત થઈ ગઈ હશે.

૨૨. વિદ્વાન વરિષ્ઠ વકીલ અને વિદ્વાન એમિકસ ક્યુરી શ્રી પી. એસ. નરસિમ્હાએ એશિયાઇ સિંહના સંરક્ષણ માટેની અત્યંત તાકીદની બાબતથી કોર્ટને માહિતગાર કર્યા, જેનો ઇન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર (આઇયુસીએન) દ્વારા પ્રકાશિત રેડ લિસ્ટમાં ગંભીર રીતે ભયગ્રસ્ત પ્રજાતિ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે, જેને વિવિધ બેઠકોમાં એનબીડબલ્યુએલ દ્વારા

સમર્થન આપવામાં આવ્યું છે. એનબીડબલ્યુએલ સર્વોચ્ચ વૈજ્ઞાનિક વૈધાનિક સંસ્થા હોવાથી, તે આદરને પાત્ર છે અને તેનો અભિપ્રાય એમઓએફ અને તમામ રાજ્ય સરકારો દ્વારા સ્વીકારવા યોગ્ય છે. વિદ્વાન વરિષ્ઠ વકીલે ભારતીય બંધારણના અનુચ્છેદ ૪૮ અને અનુચ્છેદ ૫૧–એ નો પણ સંદર્ભ આપ્યો અને રજૂઆત કરી કે દેશમાં પર્યાવરણનું રક્ષણ અને સુધારો કરવાની તથા જંગલો અને વન્યજીવોનું રક્ષણ કરવાની રાજ્યની ફરજ છે, જે ભારત સંઘના તમામ રાજ્યો પર લાદવામાં આવેલી ફરજ છે. જૈવ–વિવિધતામાં સંરક્ષણવાદ અને ઈકો–સેન્ટ્રિક સિદ્ધાંતનો પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો, જે વૈશ્વિક સ્તરે સ્વીકારવામાં આવ્યા છે. વિદ્વાન વરિષ્ઠ વકીલે નેશનલ વાઈલ્ડલાઈફ એક્શન પ્લાન ૨૦૦૨–૨૦૧૬ નો પણ સંદર્ભ આપ્યો અને રજૂઆત કરી કે એશિયાઈ સિંહ માટે વૈકલ્પિક ઘર તેના અસ્તિત્વ માટે મહત્વપૂર્ણ હોવાનું જણાયા પછી એશિયાઈ સિંહોના સ્થળાંતરને અગ્રતા પ્રોજેક્ટ તરીકે ગણવામાં આવ્યો છે. વિદ્વાન વરિષ્ઠ વકીલે એવી પણ રજૂઆત કરી હતી કે નેશનલ ફોરેસ્ટ પોલિસી અને ૨૦૦૯ ની યોજના તથા એનડબલ્યુએપી (૨૦૦૨–૨૦૧૬) અને યોજનાઓ લાફાર્જ ઉમિયામ માઈનિંગ પ્રાઈવેટ લિમિટેડ, ટી.એન. ગોદાવર્મન થિરુમુલપાદ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય (૨૦૧૧) ૭ એસ.સી.સી. ૩૩૮ કેસમાં નક્કી થયા મુજબ કાયદાકીય બળ ધરાવે છે અને અદાલતો દ્વારા તેનો અમલ કરાવી શકાય છે.

૨૩. ગુજરાત રાજ્ય તરફે ઉપસ્થિત વિદ્ધાન વરિષ્ઠ વકીલ શ્રી શ્યામ દિવાને તે તમામ દલીલોનું ખંડન કર્યું અને પુનરોચ્ચાર કર્યો કે એશિયાઇ સિંહો માટે બીજું ઘર શોધવાની કોઈ જરૂરિયાત નથી, કારણ કે એશિયાઇ સિંહની વસ્તી બૃહદ ગીર જંગલમાં અને ગીર જંગલ નજીકના અન્ય કેટલાક અભયારણ્યોમાં પણ યોગ્ય રીતે સુરક્ષિત છે. શ્રી દિવાને રજૂઆત કરી હતી કે ગુજરાત રાજ્ય દ્ધારા વ્યાપક સંરક્ષણ પદ્ધતિઓ અપનાવવામાં આવી હોવાથી એશિયાઇ સિંહની વસ્તી વાજબી રીતે વધી છે અને હાલમાં, સ્થળાંતર અથવા પુનઃપ્રવેશ જેવા કટોકટીના પગલાં લેવા પડે તેવો એશિયાઇ સિંહો માટે કોઈ તાત્કાલિક ખતરો નથી. વિદ્ધાન વરિષ્ઠ વકીલે વધુમાં ધ્યાન દોર્યું કે ભૂતકાળનો અનુભવ દર્શાવે છે કે સિંહોનું આવું સ્થળાંતર નિષ્ફળતામાં પરિણમ્યું હતું અને આવી ઘટના ફરી બનવાની શક્યતાને નકારી શકાય નહીં, કારણ કે કુનો એશિયાઇ સિંહ જેવી ભયગ્રસ્ત પ્રજાતિને સ્વીકારવા અથવા સાચવવા માટે સુસજ્જ નથી; જે ગીરમાં સફળતાની વાર્તા છે.

૨૪. શ્રી દિવાને એવી પણ રજૂઆત કરી હતી કે, અત્યાર સુધી, એશિયાઇ સિંહ જેવી ભયગ્રસ્ત પ્રજાતિના સફળ સ્થળાંતર માટે કોઈ સ્વીકાર્ય સ્થળાંતર યોજના તૈયાર કરવામાં આવી નથી કે તેનો અમલ કરવામાં આવ્યો નથી અને ૧૬.૩.૨૦૧૨ ના રોજ મળેલી બેઠકમાં સ્ટેટ વાઇલ્ડલાઇફ બોર્ડ, ગુજરાત દ્ધારા તેની નોંધ લેવામાં આવી છે અને તેના પર ટિપ્પણી કરવામાં આવી છે. શ્રી

દિવાને એવી પણ રજૂઆત કરી હતી કે શિકાર–આધાર અભ્યાસો સંપૂર્ણપણે અપૂરતા છે અને કુનો ખાતે ૪,૮૦,૦૦૦ કિગ્રા જંગલી ખરીવાળા પ્રાણીઓના બાયોમાસનો બેંચમાર્ક પ્રાપ્ત થયો છે તે દર્શાવવા માટે એક પણ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો નથી કે આ કોર્ટ સમક્ષ અહેવાલ મૂકવામાં આવ્યો નથી. શ્રી દિવાને ડૉ. રવિ ચેલમ દ્વારા રજૂ કરાયેલ તારીખ ૮.૭.૨૦૧૨ ની નોંધનો પણ સંદર્ભ આપ્યો હતો અને એવી દલીલ કરી હતી કે કુનો ખાતે શિકાર આધારની પર્યાપ્તતા અંગેના અભિપ્રાયને સમર્થન આપવા માટે કોઈ વિશ્વસનીય માહિતી પૂરી પાડવામાં આવી નથી. શ્રી દિવાને વાઇલ્ડ લાઇફ (પ્રોટેક્શન) એક્ટની કલમ ૧૨ નો પણ સંદર્ભ આપ્યો અને રજૂઆત કરી કે સ્થળાંતર 'વૈકલ્પિક યોગ્ય રહેઠાણ' માં હોવું જોઈએ. વિદ્વાન વરિષ્ઠ વકીલના જણાવ્યા મુજબ, કુનો માત્ર શિકાર–આધારની અપૂરતાને કારણે જ નહીં, પરંતુ વાઘની હાજરી, મોટા પાયે ગેરકાયદે શિકાર, પ્રતિકૂળ આબોહવાની સ્થિતિ, કુશળતાનો અભાવ, માનવ–પ્રાણી સંઘર્ષ વગેરે જેવા પરિબળોને કારણે પણ 'યોગ્ય રહેઠાણ' નથી.

૨૫. વિદ્વાન વરિષ્ઠ વકીલે આ પીઆઈએલ દ્વારા અરજદાર દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓનો પણ સંદર્ભ આપ્યો હતો અને દલીલ કરી હતી કે તે લાફાર્જ કેસ (ઉપર મુજબ) માં નિર્ધારિત કસોટીઓ પર ખરું ઉતરશે નહીં, ખાસ કરીને જ્યારે સ્ટેટ બોર્ડ ઓફ વાઇલ્ડ લાઈફે સચોટ કારણો દર્શાવ્યા છે કે હાલમાં કુનો ખાતે સિંહોનું સ્થળાંતર શા માટે સલાહભર્યું નથી, જે વાંધાઓ અને

સ્વતંત્ર વૈજ્ઞાનિક સામગ્રી દ્વારા સંપૂર્ણપણે વાજબી ઠરે છે. વિદ્વાન વરિષ્ઠ વકીલના જણાવ્યા મુજબ, આવો નિર્ણય ન્યાયિક સમીક્ષાને પાત્ર નથી અને, અન્યથા પણ, ગીરથી કુનો ખાતે એશિયાઇ સિંહના સ્થળાંતરનો નિર્દેશ આપતી મેન્ડામસની રીટ જારી કરવા માટે કોઈ કારણો બનતા નથી.

**<u>કાનૂની માળખું</u>**

૨૬. અમે સૌ પ્રથમ બંધારણીય અને કાનૂની માળખાની ચર્ચા કરીશું જેના પર અમારે આ કેસમાં વિચારણા માટે આવેલા વિવિધ મુદ્દાઓની તપાસ કરવાની છે. "જંગલી પ્રાણીઓ અને પક્ષીઓનું રક્ષણ" વિષય સાતમી અનુસૂચિની યાદી ૩, એન્ટ્રી ૧૭બી હેઠળ આવે છે. સંસદે દેશની પારિસ્થિતિક અને પર્યાવરણીય સુરક્ષા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્ય સાથે જંગલી પ્રાણીઓ અને પક્ષીઓના રક્ષણ માટે ધ વાઇલ્ડ લાઇફ (પ્રોટેક્શન) એક્ટ ૫૩/૧૯૭૨ પસાર કર્યો. સંસદે બંધારણ (૪૨મો સુધારો) અધિનિયમ, ૧૯૭૬ દ્વારા બંધારણના ભાગ ૪ માં તારીખ ૦૩.૦૧.૧૯૭૭ થી અનુચ્છેદ ૪૮એ દાખલ કર્યો જેમાં રાજ્ય પર "પર્યાવરણનું રક્ષણ અને સુધારો કરવાનો તથા દેશના જંગલો અને વન્યજીવોનું રક્ષણ કરવાનો પ્રયાસ કરવાની" જવાબદારી મૂકવામાં આવી. ઉપરોક્ત સુધારા દ્વારા ભાગ ૪એ માં અનુચ્છેદ ૫૧એ પણ દાખલ કરવામાં આવ્યો જેમાં જણાવાયું કે "જંગલો, તળાવો, નદીઓ અને વન્યજીવો સહિતના કુદરતી પર્યાવરણનું

રક્ષણ અને સુધારો કરવો અને જીવંત પ્રાણીઓ પ્રત્યે દયા રાખવી એ ભારતના દરેક નાગરિકની ફરજ રહેશે".

૨૭. અધિનિયમ ૨૩/૧૯૮૨ દ્વારા, તારીખ ૨૧.૦૫.૧૯૮૨ થી વાઈલ્ડ લાઈફ (પ્રોટેક્શન) એક્ટમાં કલમ ૧૨(બીબી) દાખલ કરવામાં આવી હતી જેણે ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડનને વૈજ્ઞાનિક વ્યવસ્થાપનના હેતુ માટે વિશેષ પરમિટ આપવા માટે અધિકૃત કર્યા હતા જેમાં કોઈપણ જંગલી પ્રાણીઓને માર્યા વિના અથવા ઝેર આપ્યા વિના અથવા નાશ કર્યા વિના કોઈપણ જંગલી પ્રાણીનું વૈકલ્પિક યોગ્ય રહેઠાણમાં સ્થળાંતર અથવા વન્યજીવોની વસ્તીનું વ્યવસ્થાપન સામેલ હશે.

૨૮. સંસદે પાછળથી અધિનિયમ ૧૬/૨૦૦૩ દ્વારા તારીખ ૨૨.૦૯.૨૦૦૩ થી કલમ ૫એ દાખલ કરીને કેન્દ્ર સરકારને નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફ (જે હવે પછી 'એનબીડબલ્યુએલ' તરીકે ઉલ્લેખિત છે) ની રચના કરવા માટે અધિકૃત કરી. તે જ સુધારા અધિનિયમ દ્વારા, નેશનલ બોર્ડના કાર્યો દર્શાવતી કલમ ૫સી પણ દાખલ કરવામાં આવી હતી. નેશનલ બોર્ડ દ્વારા સમિતિને સોંપવામાં આવી શકે તેવી સત્તાઓનો ઉપયોગ કરવા અને ફરજો બજાવવાના હેતુ માટે સ્ટેન્ડિંગ કમિટીની રચના કરવા માટે નેશનલ બોર્ડને અધિકૃત કરતી કલમ ૫બી પણ ઉપરોક્ત સુધારા દ્વારા દાખલ કરવામાં આવી

હતી. તેથી એનબીડબલ્યુએલ એ નીતિઓ ઘડવા અને વન્યજીવ સંરક્ષણને પ્રોત્સાહન આપવાના માર્ગો અને સાધનો પર કેન્દ્ર અને રાજ્ય સરકારોને સલાહ આપવા અને દેશમાં વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે થયેલી પ્રગતિની સમીક્ષા કરવા અને તેમાં સુધારા માટેના પગલાં સૂચવવા માટે સ્થપાયેલી સર્વોચ્ચ વૈજ્ઞાનિક સંસ્થા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો કોઈપણ સચોટ કે સ્વીકાર્ય કારણો વિના તેના અભિપ્રાયને અવગણી શકે નહીં. કાયદાએ તેના શાણપણમાં વન્યજીવન અને જંગલોનું સંરક્ષણ અને વિકાસ પ્રદાન કરવાની ફરજ એનબીડબલ્યુએલ પર સોંપી છે.

૨૯. આ કોર્ટે સંસાર ચંદ વિરુદ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન, (૨૦૧૦) ૧૦ એસ.સી.સી. ૬૦૪ માં ઠેરવેલ કે વાઇલ્ડ લાઇફ (પ્રોટેક્શન) એક્ટ, ૧૯૭૨ ના જુસ્સા અને જોગવાઈઓનો અમલ કરવા માટે તમામ પ્રયાસો કરવા જોઈએ; જેની જોગવાઈઓ લાભદાયક છે અને પારિસ્થિતિક શૃંખલા અને સંતુલન જાળવવા માટે તેનો અમલ કરવો જરૂરી છે. વર્ષ ૧૯૭૨ માં હસ્તાક્ષર કરાયેલ સ્ટોકહોમ ઘોષણાપત્ર, સંયુક્ત રાષ્ટ્ર ઘોષણાપત્ર, માનવ પર્યાવરણ પરના સંમેલનો, જેમાં ભારત હસ્તાક્ષરકર્તા છે, તેણે ટકાઉ વિકાસનો પાયો નાખ્યો છે અને પર્યાવરણના રક્ષણ માટે રાષ્ટ્રોને સાથે મળીને કામ કરવા વિનંતી કરી છે. રિયો સમિટ ખાતે વર્ષ ૧૯૯૨ માં હસ્તાક્ષર કરાયેલ જૈવિક વિવિધતા પરના સંમેલને આંતરરાષ્ટ્રીય કાયદામાં પ્રથમ વખત માન્યતા આપી કે જૈવિક વિવિધતાનું સંરક્ષણ એ

"માનવજાતની સામાન્ય ચિંતા" છે અને તે વિકાસ પ્રક્રિયાનો એક અભિન્ન ભાગ છે.

૩૦. સંસદે વર્ષ ૨૦૦૨ માં ધ બાયોલોજિકલ ડાઈવર્સિટી એક્ટ ઘડ્યો અને ત્યારબાદ વર્ષ ૨૦૦૪ માં નેશનલ બાયોડાઈવર્સિટી રૂલ્સ ઘડ્યા. સદર અધિનિયમનો મુખ્ય ઉદ્દેશ્ય જૈવિક વિવિધતાનું સંરક્ષણ, તેના ઘટકોનો ટકાઉ ઉપયોગ અને આનુવંશિક સંસાધનોના ઉપયોગથી ઉદ્ભવતા લાભોની ન્યાયી અને સમાન વહેંચણી છે. જૈવ–વિવિધતા અને જૈવિક વિવિધતામાં આપણા ગ્રહ પર જોવા મળતા તમામ સજીવો એટલે કે વનસ્પતિઓ, પ્રાણીઓ અને સૂક્ષ્મજીવો, તેમાં રહેલા જનીનો અને વિવિધ ઈકો–સિસ્ટમ્સ કે જેનો તેઓ એક ભાગ છે તેનો સમાવેશ થાય છે. માનવીય હસ્તક્ષેપને કારણે ઈકોલોજીનું ઝડપી અધઃપતન જંગલી પ્રાણીઓની ઘણી પ્રજાતિઓના ઝડપી અદ્રશ્ય થવામાં મદદ કરી રહ્યું છે. ગેરકાયદે શિકાર અને વન્યજીવોનો વેપાર, રહેઠાણની ખોટ, માનવ–પ્રાણી સંઘર્ષ, રોગચાળો વગેરે પણ કેટલાક કારણો છે જે કેટલીક પ્રજાતિઓને જોખમમાં મૂકે છે અને ભયગ્રસ્ત બનાવે છે.

૩૧. ભારત તેની જૈવિક વિવિધતાના સમૃદ્ધ વારસા માટે જાણીતું છે અને તેણે અત્યાર સુધીમાં પ્રાણીઓની ૯૧,૨૦૦ થી વધુ પ્રજાતિઓનું દસ્તાવેજીકરણ કર્યું છે. ભારતના જૈવ–ભૌગોલિક પ્રદેશોમાં, આઇયુસીએન રેડ લિસ્ટ ૨૦૦૮ અનુસાર વનસ્પતિઓની ૪૫,૫૦૦ પ્રજાતિઓનું દસ્તાવેજીકરણ

કરવામાં આવ્યું છે. ભારતમાં ઘણી ગંભીર રીતે જોખમમાં મુકાયેલી પ્રાણી પ્રજાતિઓ છે. આઇયુસીએન એ નોંધ્યું છે કે આજે એક સમયે મોટાભાગના દક્ષિણ–પશ્ચિમ એશિયામાં જોવા મળતા સિંહોના એકમાત્ર જીવંત પ્રતિનિધિ ભારતના ગીર જંગલમાં જોવા મળે છે જેને આઇયુસીએન રેડ લિસ્ટમાં ગંભીર રીતે ભયગ્રસ્ત પ્રજાતિ તરીકે નોંધવામાં આવી છે. આઇયુસીએન એ ૧૯૬૩ નો એક ઠરાવ અપનાવ્યો હતો જેના દ્વારા વોશિંગ્ટન કન્વેન્શન તરીકે ઓળખાતી બહુપક્ષીય સંધિનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો જેને કન્વેન્શન ઓન ઇન્ટરનેશનલ ટ્રેડ ઇન એન્ડેન્જર્ડ સ્પીસીઝ ઓફ વાઇલ્ડ ફોના એન્ડ ફ્લોરા (સાઇટ્સ), ૧૯૭૩ તરીકે પણ ઓળખવામાં આવે છે. સાઇટ્સ ૧લી જુલાઈ, ૧૯૭૫ ના રોજ અમલમાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે જંગલી પ્રાણીઓ અને વનસ્પતિઓના નમૂનાઓનો આંતરરાષ્ટ્રીય વેપાર જંગલમાં પ્રજાતિઓના અસ્તિત્વને જોખમમાં ન મૂકે, અને તે પ્રાણીઓ અને વનસ્પતિઓની ૩૩,૦૦૦ થી વધુ પ્રજાતિઓને સંરક્ષણની વિવિધ ડિગ્રી આપે છે. સાઇટ્સનું એપેન્ડિક્સ ૧ એ ૧૨૦૦ પ્રજાતિઓનો સંદર્ભ આપે છે જે લુપ્ત થવાના જોખમમાં છે. એશિયાઇ સિંહને એપેન્ડિક્સ ૧ માં સૂચિબદ્ધ કરવામાં આવ્યો છે જે માન્યતા આપે છે કે તે પ્રજાતિ લુપ્ત થવાના જોખમમાં છે.

૩૨. અમે નોંધીએ છીએ કે કન્વેન્શન ઓન બાયોલોજિકલ ડાઇવર્સિટી (સીબીડી) સહિતના વિવિધ સંમેલનોના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે અને અનુચ્છેદ

૪૮એ અને ૫૧એ(જી) ના પ્રકાશમાં આઇયુસીએન, સાઇટ્સ વગેરે તથા વાઈલ્ડ લાઇફ (પ્રોટેક્શન) એક્ટ, બાયો–ડાઇવર્સિટી એક્ટ, ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટ વગેરેની જોગવાઈઓના યોગ્ય અમલીકરણ માટે, ભારત સરકારે નેશનલ ફોરેસ્ટ પોલિસી (એનએફપી) ૧૯૮૮, નેશનલ એન્વાયર્નમેન્ટ પોલિસી (એનઈપી) ૨૦૦૬, નેશનલ બાયો–ડાઇવર્સિટી એક્શન પ્લાન (એનબીએપી) ૨૦૦૮, નેશનલ એક્શન પ્લાન ઓન ક્લાઇમેટ ચેન્જ (એનએપીસીસી) ૨૦૦૮ અને વર્ષ ૨૦૦૯ માં ઘડાયેલ વન્યજીવ રહેઠાણોનો સંકલિત વિકાસ અને કેન્દ્ર પુરસ્કૃત યોજના તથા નેશનલ વાઈલ્ડ–લાઇફ એક્શન પ્લાન (એનડબલ્યુએપી) ૨૦૦૨–૨૦૧૬ નો સંકલિત વિકાસ જેવી વિવિધ નીતિઓ અને કાર્ય યોજનાઓ ઘડી છે. લાફાર્જ કેસ (ઉપર મુજબ) માં આ કોર્ટે ઠેરવેલ કે નેશનલ ફોરેસ્ટ પોલિસી ૧૯૮૮ ને ફોરેસ્ટ (કન્ઝર્વેશન) એક્ટ, ૧૯૮૦ સાથે વાંચવામાં આવે. અમારા મતે, ૨૦૦૯ ની કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ વન્યજીવ રહેઠાણનો સંકલિત વિકાસ અને એનડબલ્યુએપી (૨૦૦૨–૨૦૧૬) ને વાઈલ્ડ લાઇફ (કન્ઝર્વેશન) એક્ટની જોગવાઈઓ સાથે વાંચવા પડશે.

૩૩. ભારતના પ્રધાનમંત્રીશ્રીએ ૧.૧.૨૦૦૨ ના રોજ ઇન્ડિયન બોર્ડ ફોર વાઈલ્ડલાઇફની ૨૧મી બેઠકમાં 'નેશનલ વાઈલ્ડલાઇફ એક્શન પ્લાન (૨૦૦૨–૨૦૧૬)' (જે હવે પછી સંક્ષિપ્તમાં 'એનડબલ્યુએપી ૨૦૦૨–૨૦૧૬' તરીકે ઉલ્લેખિત છે) બહાર પાડ્યો હતો. એનડબલ્યુએપી એ ભારપૂર્વક જણાવ્યું છે કે વન્યજીવનમાં તમામ બિન–ખેતીલાયક વનસ્પતિઓ અને બિન–પાળતુ

પ્રાણીસૃષ્ટિનો સમાવેશ થાય છે અને દરેક પ્રજાતિને જીવવાનો અધિકાર છે અને દરેક જોખમમાં મુકાયેલી પ્રજાતિને લુપ્ત થતી અટકાવવા માટે તેનું રક્ષણ કરવું આવશ્યક છે. એવું જોવામાં આવ્યું હતું કે વધતા જતા કૃષિ, ઔદ્યોગિક અને વસ્તી વિષયક દબાણો સાથે, અરણ્ય વિસ્તારો, જે વન્યજીવો અને જૈવવિવિધતાના સૌથી સમૃદ્ધ ભંડાર છે તે કાં તો સંકોચાઈ ગયા છે અથવા અદૃશ્ય થઈ ગયા છે અને તેમનું સતત અસ્તિત્વ જૈવવિવિધતા અને તેમને ટેકો આપતી ઈકોસિસ્ટમના લાંબાગાળાના અસ્તિત્વ માટે નિર્ણાયક છે. એનડબલ્યુએપી એ અન્ય બાબતોની સાથે સાથે ભારતની લાંબાગાળાની પારિસ્થિતિક સુરક્ષાનું રક્ષણ કરવાની અને કુદરતી ઈકોસિસ્ટમને અતિ–શોષણ, દૂષણ અને અધ:પતનથી ઓળખવાની અને તેનું રક્ષણ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. એનડબલ્યુએપી એ ઇન સિટુ સંરક્ષણને પ્રાધાન્ય આપવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો છે જે વન્યજીવ સંરક્ષણનો મુખ્ય આધાર છે. પ્રાણીશાસ્ત્રીય ઉદ્યાનો અને જીન બેંકોમાં એક્સ સિટુ પગલાં દુર્લભ જંગલી સંસાધનોને ક્ષીણ કર્યા વિના આ ઉદ્દેશ્યને પૂરક બનાવી શકે છે. એનડબલ્યુએપી એ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિના તેમના સમુદાય જોડાણો સાથે જોખમમાં મુકાયેલી, દુર્લભ અને ભયગ્રસ્ત પ્રજાતિઓના અસ્તિત્વ માટેની પારિસ્થિતિક જરૂરિયાતો પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેણે ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ, બંગાળ ફ્લોરિકન, એશિયાઇ સિંહ, જંગલી ભેંસ, ડ્યુગોંગ, મણિપુર બ્રાઉ એન્ટલર્ડ ડીયર અને તેના જેવા અત્યંત ભયગ્રસ્ત પ્રજાતિઓ માટે વૈકલ્પિક ઘરો રાખવાની

અનિવાર્ય જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. એવું પણ જોવામાં આવ્યું હતું કે જ્યાં ઇન સિટુ સંરક્ષણ પ્રયાસો સફળ થવાની શક્યતા નથી, ત્યાં કેપ્ટિવ વસ્તીને પાછી મેળવવા માટે તેમના જંગલી રહેઠાણોની તૈયારી સાથે સંલગ્ન એક્સ સિટુ કેપ્ટિવ બ્રીડિંગ અને પુનર્વસન પગલાં જરૂરી હોઈ શકે છે, ખાસ કરીને ઓછી જાણીતી પ્રજાતિઓના સંદર્ભમાં જ્યાં જંગલી પ્રાણીઓની સ્થિતિ અને વિતરણ સંપૂર્ણપણે જાણીતું નથી. એનડબલ્યુએપી એ નીચે મુજબના પગલાં લેવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો:

૧. વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની તમામ ભયગ્રસ્ત પ્રજાતિઓની ઓળખ કરવી, તેમની જરૂરિયાતોનો અભ્યાસ કરવો અને સુરક્ષાના વર્તમાન સ્તર અને જોખમોના સ્વરૂપને સ્થાપિત કરવા માટે તેમના પર્યાવરણ અને રહેઠાણોનું સર્વેક્ષણ કરવું. વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની પ્રજાતિઓની સ્થિતિની સમયાંતરે સમીક્ષા હાથ ધરવી, અને દર ત્રણ વર્ષે આઇયુસીએન રેડ ડેટા લિસ્ટ સાથે તેને સહસંબંધિત કરવી.

૨. અત્યંત ભયગ્રસ્ત પ્રજાતિઓ ખાસ કરીને એકલ વસ્તી અને ઉચ્ચ સ્તરની સ્થાનિકતા (એન્ડેમિઝમ) ધરાવતી પ્રજાતિઓ ધરાવતા રહેઠાણોનું રક્ષણ કરવા માટે વિશેષ કાળજી અને સંસાધનોનું રોકાણ કરવું.

૩. જંગલી પ્રજાતિઓના "આનુવંશિક સ્વેમ્પિંગ" ને રોકવા માટે પગલાં શરૂ કરવા.

૪. આ સંદર્ભમાં જરૂરી તકનીકો અને ક્ષમતાઓ વિકસાવ્યા પછી, આઇયુસીએન માર્ગદર્શિકા અનુસાર ગંભીર રીતે ભયગ્રસ્ત પ્રજાતિઓ માટે જંગલમાં એક્સ સિટુ કેપ્ટિવ બ્રીડિંગ અને પુનર્વસનનો કાર્યક્રમ હાથ ધરવો.

૫. વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની પ્રજાતિઓના સ્ટેટસ પેપર્સ સમયાંતરે પ્રકાશિત કરવા, જેનો સ્થાનિક ભાષાઓમાં અનુવાદ થવો જોઈએ.

૬. જ્યાં જરૂરી હોય ત્યાં પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ સંરક્ષિત વિસ્તારો અને કોરિડોરની આસપાસના ઓળખાયેલા વિસ્તારોને ઇકોલોજીકલ રીતે સંવેદનશીલ જાહેર કરવા.

એનડબલ્યુએપી એ અગ્રતા પ્રોજેક્ટ્સ પર પણ પ્રકાશ પાડ્યો હતો અને વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની દુર્લભ અને જોખમમાં મુકાયેલી પ્રજાતિઓના તમામ જૂથોને આવરી લેતી તમામ ભયગ્રસ્ત પ્રજાતિઓની સ્થિતિના સર્વેક્ષણો ઓળખવા અને હાથ ધરવા માટે સમયબદ્ધ યોજના શરૂ કરવા અને અગ્રતા પ્રોજેક્ટ્સ હેઠળ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની તમામ દુર્લભ અને જોખમમાં

મુકાયેલી પ્રજાતિઓના પર્યાવરણ અને રહેઠાણોને રક્ષણ પૂરું પાડવા જણાવ્યું હતું. એનડબલ્યુએપી ના પેરા ૩ નો ૨.૨ નીચે મુજબ છે:

> "૨.૨. જર્ડન્સ કોર્સર, એશિયાઇ સિંહ, મણિપુર ડીયર, રોટન્સ ફ્રી ટેઇલ્ડ બેટ અને તેના જેવી પ્રજાતિઓની એકલ અલગ વસ્તી માટે યોગ્ય વૈકલ્પિક ઘરોની ઓળખ કરવી અને તેનું સંરક્ષિત વિસ્તારો તરીકે અસરકારક રીતે સંચાલન કરવું."

૩૪. એનડબલ્યુએપી એવું પણ જણાવે છે કે આ કામ એમઓએફ, રાજ્ય સરકારો, વૈજ્ઞાનિક સંસ્થાઓ અને એનજીઓ ની જવાબદારી છે. પાળતુ અને જંગલી બની ગયેલી (ફેરેલ) પ્રજાતિઓના પ્રવેશને રોકવા માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂરિયાત કે જે આનુવંશિક સ્વેમ્પિંગ તરફ દોરી શકે છે, તેના પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. ભવિષ્યના આનુવંશિક દૂષણથી આનુવંશિક રીતે શુદ્ધ વસ્તીનું રક્ષણ કરવાનું મહત્વ અને જ્યાં આનુવંશિક સ્વેમ્પિંગ થયું છે, ત્યાં આવા સ્વેમ્પિંગને તબક્કાવાર રીતે દૂર કરવાનું મહત્વ પણ દર્શાવવામાં આવ્યું હતું. એનડબલ્યુએપી એ, પ્રકરણ ૪ માં, સંરક્ષિત વિસ્તારોની બહારના ક્ષતિગ્રસ્ત રહેઠાણોના પુનઃસંગ્રહ અને વ્યવસ્થાપનની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

૩૫. એમઓએફ એ નોંધ્યું કે વન્યજીવ સમૃદ્ધ વિસ્તારોનું વિભાજિત સ્વરૂપ, વધતું માનવ દબાણ, રહેઠાણનું અધઃપતન, આક્રમક પ્રજાતિઓનો ફેલાવો, માનવ–પ્રાણી સંઘર્ષો, ગેરકાયદે શિકાર, બદલાતી આબોહવાની અસરો

વગેરે કેટલાક એવા પડકારો છે જેને યુદ્ધના ધોરણે ઉકેલવા પડશે. સંરક્ષિત વિસ્તારોની બહાર વન્યજીવોનું બહેતર સંરક્ષણ સુનિશ્ચિત કરવાની અને ગંભીર રીતે ભયગ્રસ્ત પ્રજાતિઓ અને રહેઠાણોને બચાવવા માટે પુનઃપ્રાપ્તિ કાર્યક્રમો શરૂ કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. તેને ધ્યાનમાં રાખીને, 'ઇન્ટિગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ વાઇલ્ડલાઇફ હેબિટેટ્સ' શીર્ષક હેઠળની એક વ્યાપક કેન્દ્ર પુરસ્કૃત યોજના ૩૦.૭.૨૦૦૯ ના રોજ કાર્યરત કરવામાં આવી હતી જે અગાઉની કેન્દ્ર પુરસ્કૃત યોજના 'આસિસ્ટન્સ ફોર ધ ડેવલપમેન્ટ ઓફ નેશનલ પાર્ક્સ એન્ડ સેન્ચ્યુરીઝ' ઉપરાંતની હતી. સદર યોજનામાં વાઇલ્ડલાઇફ (પ્રોટેક્શન) એક્ટ, ૧૯૭૨, નેશનલ વાઇલ્ડલાઇફ એક્શન પ્લાન (૨૦૦૨–૨૦૧૬) ની જોગવાઈઓ, ટાઇગર ટાસ્ક ફોર્સ, ૨૦૦૫ અને નેશનલ ફોરેસ્ટ કમિશન, ૨૦૦૬ ની ભલામણો અને દેશમાં વન્યજીવો અને જૈવવિવિધતાના સંરક્ષણ માટે સમયાંતરે અનુભવાયેલી જરૂરિયાતોના અમલીકરણ માટે વધારાના ઘટકો અને પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સદર યોજના ૧૧મી પંચવર્ષીય યોજના દરમિયાન ઘડવામાં આવી હતી.

૩૬. ભારત વિવિધ જૈવ–ભૌગોલિક ઝોનમાં ૯૯ રાષ્ટ્રીય ઉદ્યાનો, ૫૧૫ વન્યજીવ અભયારણ્યો, ૪૩ સંરક્ષણ અનામતો અને ૪ સામુદાયિક અનામતોનું નેટવર્ક ધરાવે છે. ઘણા મહત્વપૂર્ણ રહેઠાણો હજુ પણ તે વિસ્તારોની બહાર અસ્તિત્વ ધરાવે છે, જેને સંરક્ષણના દૃષ્ટિકોણથી વિશેષ ધ્યાનની જરૂર છે. કેન્દ્ર

પુરસ્કૃત યોજના ગંભીર રીતે ભયગ્રસ્ત પ્રજાતિઓ અને રહેઠાણોને બચાવવા માટેના પુનઃપ્રાપ્તિ કાર્યક્રમોનો પણ ખાસ સંદર્ભ આપે છે. વિવિધ કારણોસર, ઘણી પ્રજાતિઓ અને તેમના રહેઠાણો ગંભીર રીતે જોખમમાં મુકાયા છે. હિમ ચિત્તો, ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ, કાશ્મીર સ્ટેગ, ગંગા ડોલ્ફિન, નીલગિરી તાહર, મલબાર સિવિટ, દરિયાઈ કાચબા વગેરે તેના કેટલાક ઉદાહરણો છે.

૩૭. કેન્દ્ર પુરસ્કૃત યોજનાના કાર્યક્ષેત્રની તપાસ ટી. એન. ગોદાવર્મન થિરુમુલપાદ વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય (૨૦૧૨) ૩ એસ.સી.સી. ૨૭૭ (જંગલી ભેંસ કેસ) માં કરવામાં આવી હતી અને આ કોર્ટે છત્તીસગઢ રાજ્યમાં તે યોજનાના અમલીકરણનો નિર્દેશ આપ્યો હતો. કેન્દ્ર પુરસ્કૃત યોજના, જેમ કે અગાઉ દર્શાવવામાં આવ્યું છે, ખાસ કરીને એશિયાઇ સિંહોને ગંભીર રીતે ભયગ્રસ્ત પ્રજાતિ તરીકે સંદર્ભિત કરે છે અને સિંહોનું લાંબાગાળાનું સંરક્ષણ સુનિશ્ચિત કરવા માટે પુનઃપ્રાપ્તિ કાર્યક્રમની જરૂરિયાત પર ભાર મૂકે છે. એનડબલ્યુએપી ૨૦૦૨–૨૦૧૬ અને વન્યજીવ રહેઠાણોના સંકલિત વિકાસને લગતી કેન્દ્ર પુરસ્કૃત યોજના ૨૦૦૯ એ એવી યોજનાઓ છે જે વૈધાનિક દરજ્જો ધરાવે છે અને લાફાર્જ કેસ (ઉપર મુજબ) માં ઠેરવ્યા મુજબ તેનો તેના અક્ષરશઃ અને સાચા અર્થમાં અમલ થવો જોઈએ. વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ, કેન્દ્ર પુરસ્કૃત યોજના ૨૦૦૯, એનડબલ્યુએપી ૨૦૦૨–૨૦૧૬ ની

વિવિધ જોગવાઈઓને અમલમાં મૂકતી વખતે આપણો અભિગમ ઇકો–સેન્ટ્રિક હોવો જોઈએ અને એન્થ્રોપોસેન્ટ્રિક નહીં.

**<u>એન્થ્રોપોસેન્ટ્રિક વિરુદ્ધ ઇકો–સેન્ટ્રિક</u>**

૩૮. અમે નિર્દેશ કરી શકીએ છીએ કે સસ્ટેનેબલ ડેવલપમેન્ટના સિદ્ધાંતો પરના અગાઉના સંમેલનોમાં નિર્ધારિત ચોક્કસ સિદ્ધાંતોના પુનઃનિર્માણ માટે આંતરરાષ્ટ્રીય મંચો અને પરિષદો પર વ્યાપક ચર્ચાઓ અને વિચારણાઓ થઈ છે. યુનાઈટેડ નેશન્સ કમિશન ઓન એન્વાયર્નમેન્ટ એન્ડ ડેવલપમેન્ટે 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' ની વ્યાખ્યા નીચે મુજબ કરી છે:

> "ટકાઉ વિકાસ એવો વિકાસ છે જે ભવિષ્યની પેઢીઓની પોતાની જરૂરિયાતો પૂરી કરવાની ક્ષમતા સાથે સમાધાન કર્યા વિના વર્તમાનની જરૂરિયાતો પૂરી કરે છે." (વર્લ્ડ કમિશન ઓન ઈકોનોમિક ડેવલપમેન્ટ [ડબલ્યુસીઈડી], ૧૯૮૭: ૪૩)

૩૯. વિવિધ પ્રખ્યાત પર્યાવરણવાદીઓ દ્વારા એવી દલીલ કરવામાં આવી છે કે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સ્પષ્ટપણે માનવકેન્દ્રી (એન્થ્રોપોસેન્ટ્રિક) પૂર્વગ્રહ ધારે છે, જેને આ પૃથ્વી પર રહેતી અન્ય પ્રજાતિઓના અધિકારો સાથે બહુ ઓછી ચિંતા છે. એન્થ્રોપોસેન્ટ્રિઝમ હંમેશા માનવ હિત કેન્દ્રિત વિચારસરણી છે કે બિન–માનવીય વસ્તુઓનું મનુષ્યો માટે માત્ર સાધનરૂપ મૂલ્ય છે, બીજા શબ્દોમાં કહીએ તો, મનુષ્યો અગ્રતા લે છે અને બિન–માનવી પ્રત્યે માનવ

જવાબદારીઓ મનુષ્યોને મળતા લાભો પર આધારિત છે. ઈકો–સેન્ટ્રિઝમ પ્રકૃતિ–કેન્દ્રિત છે, જ્યાં મનુષ્યો પ્રકૃતિનો એક ભાગ છે અને બિન–માનવીઓ આંતરિક મૂલ્ય ધરાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, માનવ હિત આપમેળે અગ્રતા લેતું નથી અને મનુષ્યોની માનવ હિતથી સ્વતંત્ર રીતે બિન–માનવીઓ પ્રત્યે જવાબદારીઓ છે. તેથી ઇકો–સેન્ટ્રિઝમ જીવન–કેન્દ્રિત, પ્રકૃતિ–કેન્દ્રિત છે જ્યાં પ્રકૃતિમાં મનુષ્યો અને બિન–માનવી બંનેનો સમાવેશ થાય છે.

૪૦. અમે પુનરોચ્ચાર કરીએ છીએ કે એશિયાઇ સિંહો માટે બીજા ઘરની જરૂરિયાતની તપાસ કરતી વખતે, આપણો અભિગમ ઈકો–સેન્ટ્રિક હોવો જોઈએ અને એન્થ્રોપોસેન્ટ્રિક નહીં અને આપણે "પ્રજાતિ શ્રેષ્ઠ હિત માનક" લાગુ કરવું જોઈએ, એટલે કે એશિયાઇ સિંહોનું શ્રેષ્ઠ હિત. આપણે પ્રજાતિના હિતનું રક્ષણ કરવા માટે આપણું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, કારણ કે પ્રજાતિને આ પૃથ્વી પર અસ્તિત્વ ધરાવવાનો સમાન અધિકાર છે. માનવીય હસ્તક્ષેપને કારણે એશિયાઇ સિંહ ગંભીર રીતે જોખમમાં મુકાયો છે. આ પ્રજાતિ મૂળ ઉત્તર આફ્રિકા અને દક્ષિણ–પશ્ચિમ એશિયામાં અસ્તિત્વ ધરાવતી હતી જે અગાઉ ઉત્તરી આફ્રિકાના દરિયાકાંઠાના જંગલોમાં અને ઉત્તરી ગ્રીસથી સમગ્ર દક્ષિણ–પશ્ચિમ એશિયા થઈને પૂર્વીય ભારત સુધી વિસ્તરેલી હતી. આજે એક સમયે મોટાભાગના દક્ષિણ–પશ્ચિમ એશિયામાં જોવા મળતા સિંહોના એકમાત્ર જીવંત પ્રતિનિધિઓ ભારતના ગીર જંગલમાં જોવા મળે છે. એશિયાઇ સિંહ હાલમાં એક જ ઉપ–વસ્તી

તરીકે અસ્તિત્વ ધરાવે છે અને આમ તે રોગચાળો અથવા જંગલની મોટી આગ વગેરે જેવી અણધારી ઘટનાઓથી લુપ્ત થવા માટે સંવેદનશીલ છે અને આપણે આ ભયગ્રસ્ત પ્રજાતિનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ છીએ કારણ કે આ પ્રજાતિને પણ માનવીની જેમ જ આ પૃથ્વી પર જીવવાનો અધિકાર છે.

૪૧. ભારતીય બંધારણનો અનુચ્છેદ ૨૧ માત્ર માનવ અધિકારોનું જ રક્ષણ કરતું નથી પરંતુ માનવીઓ પર લુપ્ત થતી પ્રજાતિનું રક્ષણ અને જતન કરવાની જવાબદારી પણ લાદે છે, પર્યાવરણનું સંરક્ષણ અને રક્ષણ એ જીવનના અધિકારનો એક અવિભાજ્ય ભાગ છે. એમ. સી. મહેતા વિરુદ્ધ કમલ નાથ અને અન્ય (૧૯૯૭) ૧ એસ.સી.સી. ૩૮૮ માં, આ કોર્ટે "પબ્લિક ટ્રસ્ટ" ના સિદ્ધાંતને સ્પષ્ટ કર્યો હતો, તે સિદ્ધાંતનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે સામાન્ય જનતાના મુક્ત અને અવિરત ઉપયોગ માટે નદીઓ, દરિયાકિનારા, જંગલો અને હવા જેવી અમુક સામાન્ય મિલકતો સરકાર દ્વારા ટ્રસ્ટીશિપમાં રાખવામાં આવે છે. હવા, સમુદ્ર, પાણી અને જંગલો જેવા સંસાધનો સમગ્ર લોકો માટે એટલું મોટું મહત્વ ધરાવે છે કે તેમને ખાનગી માલિકીનો વિષય બનાવવો સંપૂર્ણપણે અયોગ્ય હશે. કુદરતી સંસાધનોના રક્ષક તરીકે રાજ્યની એ ફરજ છે કે તે માત્ર જનતાના લાભ માટે જ નહીં, પરંતુ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ, વન્યજીવન વગેરેના શ્રેષ્ઠ હિત માટે તેમની જાળવણી કરે. 'જાહેર ટ્રસ્ટ' ના સિદ્ધાંતને તે પરિપ્રેક્ષ્યમાં ધ્યાને લેવો પડશે.

૪૨. માનવી તરીકે આપણી ફરજ છે કે આપણે પ્રજાતિઓને લુપ્ત થતી અટકાવીએ અને અસરકારક પ્રજાતિ સંરક્ષણ શાસનની હિમાયત કરીએ. એનડબલ્યુએપી ૨૦૦૨–૨૦૧૬ અને કેન્દ્ર પુરસ્કૃત યોજના ૨૦૦૯ દર્શાવે છે કે પ્રાણીઓની ઘણી પ્રજાતિઓ છે જે લુપ્ત થવાની ખૂબ નજીક છે અને અન્ય કેટલીક પ્રજાતિઓ આ પૃથ્વી પરથી પહેલેથી જ અદ્રશ્ય થઈ ગઈ છે. કોઈ પણ પ્રજાતિ અનિશ્ચિત સમય માટે લુપ્ત થવાના આરે ટકી શકતી નથી અને કોઈપણ પ્રજાતિનું સતત અસ્તિત્વ માનવ–પ્રાણી સંઘર્ષ, રોગચાળો, જંગલની આગ અને અન્ય કુદરતી આફતો વગેરે જેવા વિવિધ પરિબળો પર આધારિત છે.

૪૩. ડબલ્યુઆઈઆઈ ના વન્યજીવ જીવવિજ્ઞાનીઓએ ગીરના જંગલો પર સંશોધન હાથ ધર્યા પછી, ગીરમાં એશિયાઈ સિંહના લાંબાગાળાના સંરક્ષણની જરૂરિયાત નોંધી હતી અને તેના લાંબાગાળાના સંરક્ષણ માટે બીજા કુદરતી રહેઠાણની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. ઓક્ટોબર, ૧૯૯૩ માં વડોદરા ખાતે યોજાયેલ પોપ્યુલેશન એન્ડ હેબિટેટ એનાલિસિસ વર્કશોપે પણ તે હકીકત પર ભાર મૂક્યો હતો. એનબીડબલ્યુએલ એ, જેમ કે અગાઉ દર્શાવવામાં આવ્યું છે, તેની તમામ બેઠકોમાં ભયગ્રસ્ત પ્રજાતિ એવા એશિયાઇ સિંહ માટે બીજા રહેઠાણની જરૂરિયાત અંગે સતત મંતવ્ય અપનાવ્યું છે. એશિયાઇ સિંહ, એવું જોવામાં આવ્યું છે કે, માત્ર એક જ રહેઠાણ એટલે કે ગીર નેશનલ ફોરેસ્ટ અને તેની આસપાસના વિસ્તારો પૂરતો મર્યાદિત રહ્યો છે અને સંભવિત રોગચાળો

અથવા કુદરતી આફત ફાટી નીકળવાથી સમગ્ર પ્રજાતિનો નાશ થઈ શકે છે. મોટી અને વ્યાપક વસ્તીની સરખામણીમાં મર્યાદિત આનુવંશિક શક્તિ ધરાવતી નાની વસ્તી રોગો અને અન્ય હોનારતો માટે વધુ સંવેદનશીલ હોય છે. તેથી જોખમ વાસ્તવિક છે અને ૧૯૯૪ માં તાંઝાનિયાના સેરેંગેટી એનપીમાં સિંહોમાં કેનાઇન ડિસ્ટેમ્પર ફાટી નીકળવાથી તે સાબિત થયું છે. એવું જોવામાં આવ્યું હતું કે સેરેંગેટી સિંહ વસ્તીના ૮૫% માં કેનાઇન ડિસ્ટેમ્પર વાયરસ એન્ટિબોડીઝ હતા અને ચેપને કારણે સેરેંગેટી અને મારા સિંહોના ઓછામાં ઓછા ૩૦% મૃત્યુ પામ્યા હતા. ગીરની તુલનામાં, ૪૦,૦૦૦ ચોરસ કિમી સેરેંગેટી–મારા ઇકોસિસ્ટમમાં સિંહોની વસ્તી લગભગ ૨૫૦૦ સિંહો સાથે મોટી છે. એવું અનુભવાયું હતું કે જો આ સ્તરનો રોગચાળો ગીરના સિંહોને અસર કરે, તો ગીરના જંગલોનો ઘણો નાનો વિસ્તાર અને સિંહોની ઓછી વસ્તીને જોતાં, તેમને લુપ્ત થતાં બચાવવા ખૂબ મુશ્કેલ બનશે. ગિરનાર, મિતિયાળા, રાજુલા, કોડીનાર અને આસપાસના વિસ્તારો જેવા રહેઠાણના વિસ્તારોમાં આ રોગ ફેલાવાની શક્યતાને નકારી શકાય નહીં.

૪૪. અમે અગાઉ દર્શાવ્યું છે કે ડબલ્યુઆઇઆઇ, એનબીડબલ્યુએલ, એમઓએફ ના જૈવ–વૈજ્ઞાનિકો અને અન્ય નિષ્ણાતો દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યોમાં એકરૂપતા છે કે એશિયાઇ સિંહ જેવી ભયગ્રસ્ત પ્રજાતિઓ માટે બીજું ઘર હોવું અત્યંત મહત્વપૂર્ણ છે. તેના પુનઃપ્રવેશ માટે સૌથી યોગ્ય રહેઠાણ

શોધવા માટે વિગતવાર અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે અને મધ્ય પ્રદેશમાં આવેલું કુનો વન્યજીવ અભયારણ્ય (જે હવે પછી 'કુનો' તરીકે ઉલ્લેખિત છે), જેમ કે અગાઉ દર્શાવવામાં આવ્યું છે, સૌથી આદર્શ રહેઠાણ હોવાનું જણાયું છે.

**<u>જંગલી પ્રાણીઓની માલિકી અને કબજો</u>**

૪૫. કોઈ રાજ્ય, સંસ્થા કે વ્યક્તિ જંગલના જંગલી પ્રાણીઓ પર માલિકી કે કબજાનો દાવો કરી શકે નહીં. વાઈલ્ડ લાઈફ (પ્રોટેક્શન) એક્ટ, ૧૯૭૨ હેઠળ કલમ ૨(૩૬) હેઠળ જંગલી પ્રાણીની વ્યાખ્યા કરવામાં આવી છે જેનો અર્થ પરિશિષ્ટ ૧ થી ૪ માં નિર્દિષ્ટ અને કુદરતમાં જંગલી અવસ્થામાં જોવા મળતું કોઈપણ પ્રાણી થાય છે. કલમ ૨(૩૭) હેઠળ 'વાઈલ્ડ લાઈફ' ની વ્યાખ્યામાં કોઈપણ પ્રાણી, મધમાખીઓ, પતંગિયાઓ, ક્રસ્ટેશિયન, માછલી અને કીડાઓ, અને કોઈપણ રહેઠાણનો ભાગ બનતી જમીન વનસ્પતિનો સમાવેશ થાય છે. કલમ ૧૧ અને કલમ ૧૨ હેઠળ પૂરી પાડવામાં આવેલી જોગવાઈઓ સિવાય, પરિશિષ્ટ ૧, ૨, ૩ અને ૪ માં નિર્દિષ્ટ જંગલી પ્રાણીઓના શિકાર પર કલમ ૯ પ્રતિબંધ મૂકે છે. અધિનિયમની કલમ ૪૦ વ્યક્તિને ઘોષણા કરવાની ફરજ પાડે છે અને કલમ ૪૧ ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડનને પૂછપરછ કરવા અને યાદીઓ તૈયાર કરવા સક્ષમ બનાવે છે અને કલમ ૪૨ પ્રમાણપત્રો આપવા સાથે સંબંધિત છે અને તે કોઈ ચોક્કસ રાજ્ય કે અન્યને જંગલી પ્રાણીઓની માલિકી પ્રદાન કરતી નથી. જંગલમાં રહેતા પ્રાણીઓ રાષ્ટ્રની સંપત્તિ

છે જેના પર કોઈ રાજ્ય માલિકીનો દાવો કરી શકે નહીં અને દેશની પારિસ્થિતિક અને પર્યાવરણીય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વન્યજીવોનું રક્ષણ અને તેનું સંરક્ષણ કરવાની રાજ્યની ફરજ છે.

૪૬. ઘણા સ્થળાંતરિત પક્ષીઓ, સસ્તન પ્રાણીઓ અને જંગલના પ્રાણીઓ માણસ દ્વારા બનાવવામાં આવેલી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સરહદો ઓળંગે છે અને દરેક રાષ્ટ્રની તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવાની ફરજ અને જવાબદારી છે. કોઈ રાષ્ટ્ર કે સંસ્થા તેમના પર માલિકી કે કબજાનો દાવો કરી શકે નહીં, ૧૯૭૯ માં બોન ખાતે યોજાયેલ જંગલી પ્રાણીઓની સ્થળાંતરિત પ્રજાતિઓના સંરક્ષણ પરનું સંમેલન આ સિદ્ધાંતને સમર્થન આપે છે અને સંમેલન સ્વીકારે છે કે જંગલી પ્રાણીઓ તેમના અસંખ્ય સ્વરૂપોમાં પૃથ્વીની કુદરતી પ્રણાલીનો બદલી ન શકાય તેવો ભાગ છે અને માનવજાતના ભલા માટે તેનું સંરક્ષણ કરવું આવશ્યક છે. તેણે માન્યતા આપી છે કે જે જંગલી પ્રાણીઓની સ્થળાંતરિત પ્રજાતિઓ તેમની રાષ્ટ્રીય અધિકારક્ષેત્રની સરહદોની અંદર રહે છે અથવા તેમાંથી પસાર થાય છે તેના રક્ષક રાજ્યો છે અને હોવા જોઈએ. સંમેલન એ બાબત પર ભાર મૂકે છે કે જંગલી પ્રાણીઓની સ્થળાંતરિત પ્રજાતિઓના સંરક્ષણ અને અસરકારક વ્યવસ્થાપન માટે તે તમામ રાજ્યોની સંયુક્ત કાર્યવાહીની જરૂર છે જેમના રાષ્ટ્રીય અધિકારક્ષેત્રની સરહદોમાં આવી પ્રજાતિઓ

તેમના જીવન ચક્રનો કોઈપણ ભાગ વિતાવે છે. ભારત પણ આ સંમેલનનું હસ્તાક્ષરકર્તા છે.

૪૭. ગુજરાત રાજ્યે એવું વલણ અપનાવ્યું છે કે એશિયાઇ સિંહના સંદર્ભમાં તેનો પોતાનો સંરક્ષણ કાર્યક્રમ છે. ગીર ખાતે ગુજરાત રાજ્ય દ્વારા હાથ ધરવામાં આવેલા અસરકારક સંરક્ષણ કાર્યક્રમને કારણે, એ બાબત તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે, વન્યજીવોમાં એશિયાઇ સિંહોની સંખ્યામાં વધારો થયો છે, આ સિંહોનો વિસ્તાર વધ્યો છે, વૈધાનિક રીતે સુરક્ષિત રહેઠાણમાં વધારો થયો છે, તેમજ આ સિંહો દ્વારા રોકાયેલ વિસ્તારમાં પણ વધારો થયો છે. રાજ્યે એવું વલણ જાળવી રાખ્યું છે કે કોઈપણ કટોકટીના પગલાં લેવા પડે તેવો એશિયાઇ સિંહો માટે કોઈ વર્તમાન કે તાત્કાલિક ખતરો નથી.

૪૮. સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડલાઇફ, ગુજરાત (એસબીડબલ્યુએલ, ગુજરાત), જેની રચના રાજ્ય સરકાર દ્વારા વાઇલ્ડલાઇફ પ્રોટેક્શન એક્ટ, ૧૯૭૨ ની કલમ ૬ હેઠળ કરવામાં આવી છે, તેણે ગુજરાતમાંથી મધ્ય પ્રદેશમાં એશિયાઇ સિંહના સ્થળાંતર સંબંધિત મુદ્દા પર ચર્ચા કરવા માટે ૧૬.૩.૨૦૧૨ ના રોજ બેઠક બોલાવી હતી. એસબીડબલ્યુએલ, ગુજરાતે એવો અભિપ્રાય લીધો કે કુનોને સિંહો આપવા કે ન આપવાનો મુદ્દો રાજ્યો વચ્ચેના સંઘર્ષનો મુદ્દો નથી, પરંતુ તે આપણા પરિવારના એક ભાગ તરીકે સિંહોના લાંબાગાળાના

સંરક્ષણના હિતમાં એક સામૂહિક ભારતીય સાંસ્કૃતિક અભિગમ છે. એસબીડબલ્યુએલ એ વધુમાં એવું વલણ જાળવી રાખ્યું હતું કે એશિયાઇ સિંહ "પરિવારના સભ્ય" હોવાથી "વૈજ્ઞાનિક તર્ક" થી પર અને ઉચ્ચ છે. તેથી એસબીડબલ્યુએલ ગુજરાતમાંથી કુનો ખાતે સિંહના સ્થળાંતરની દરખાસ્ત સાથે સંમત ન હતું, જે વલણને ગુજરાત રાજ્ય દ્બારા સમર્થન આપવામાં આવ્યું હતું.

૪૯. એસડબલ્યુબીએલ અને ગુજરાત રાજ્ય દ્બારા અપનાવવામાં આવેલ અભિગમ એ માનવકેન્દ્રી અભિગમ છે, ઇકો–સેન્ટ્રિક નહીં, જોકે ગુજરાત રાજ્ય એ હકીકત પર વાજબી રીતે ગર્વ અનુભવી શકે છે કે તેણે ભયગ્રસ્ત પ્રજાતિને લુપ્ત થતી અટકાવી છે. જોકે, અમે એક મૂળભૂત મુદ્ધા સાથે ચિંતિત છીએ કે શું એશિયાઇ સિંહો માટે બીજું ઘર હોવું જોઈએ. મુખ્ય મુદ્ધો એ નથી કે એશિયાઇ સિંહ "પરિવારનો સભ્ય" છે કે "ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા" નો ભાગ છે, અથવા કોઈ રાજ્યનું ગૌરવ છે પરંતુ ભયગ્રસ્ત પ્રજાતિનું જતન કરવાનો છે જેના માટે આપણે "પ્રજાતિ શ્રેષ્ઠ હિત માનક" લાગુ કરવું પડશે. આપણો અભિગમ માનવ–કેન્દ્રી કે પરિવાર–કેન્દ્રી નહીં પરંતુ ઇકો–સેન્ટ્રિક હોવો જોઈએ. તેના પુનઃસ્થાપન માટેનો "વૈજ્ઞાનિક તર્ક" લોકોના પારિવારિક બંધન અથવા ગૌરવ કરતાં શ્રેષ્ઠ હોવો જોઈએ અને આપણે ખાસ કરીને એવી પરિસ્થિતિમાં પ્રજાતિના શ્રેષ્ઠ હિતને જોવું પડશે જ્યાં પ્રજાતિ ગંભીર રીતે ભયગ્રસ્ત હોવાનું જણાયું છે અને બીજા ઘરની જરૂરિયાત તીવ્રપણે અનુભવાઈ છે. તેથી, અમને

એસબીડબલ્યુએલ, ગુજરાત અને ગુજરાત રાજ્યના એ તર્ક સાથે સંમત થવું મુશ્કેલ જણાય છે કે એશિયાઇ સિંહ પરિવારનો સભ્ય છે અને તેથી તેને અલગ ન કરવો જોઈએ.

૫૦. વાઈલ્ડલાઇફ પ્રોટેક્શન એક્ટની કલમ ૫એ હેઠળ આપવામાં આવેલી સત્તાઓની રૂએ કેન્દ્ર સરકાર દ્વારા રચવામાં આવેલ એનબીડબલ્યુએલ ના મંતવ્યો, એસબીડબલ્યુએલ દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યો કરતાં પ્રબળ રહેશે. અધિનિયમની કલમ ૫સી હેઠળ નેશનલ બોર્ડને અને અધિનિયમની કલમ ૮ હેઠળ સ્ટેટ બોર્ડને સોંપવામાં આવેલી ફરજો તદ્દન અલગ છે. વન્યજીવોના સંરક્ષણ અને વિકાસને પ્રોત્સાહન આપવાની અને નીતિઓ ઘડવાની અને વન્યજીવ સંરક્ષણને પ્રોત્સાહન આપવાના માર્ગો અને મહત્વ પર કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને સલાહ આપવાની એનબીડબલ્યુએલ ની ફરજ છે. તેણે વન્યજીવો અથવા તેના રહેઠાણ પરના વિવિધ પ્રોજેક્ટ્સ અને પ્રવૃત્તિઓનું આકલન હાથ ધરવાનું/કરવાનું છે. એનબીડબલ્યુએલ એ દેશમાં વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે થયેલી પ્રગતિની સમયાંતરે સમીક્ષા પણ કરવાની રહેશે અને તેમાં સુધારો કરવા માટેના પગલાં સૂચવવા પડશે. તે કાર્યો સ્ટેટ બોર્ડને સોંપવામાં આવ્યા નથી. રાજ્ય બોર્ડને સંરક્ષિત વિસ્તારો તરીકે જાહેર કરવા માટેના વિસ્તારોની પસંદગી અને સંચાલન અંગે રાજ્ય સરકારને સલાહ આપવાની અને વન્યજીવોના રક્ષણ અને સંરક્ષણ માટેની તેમની નીતિઓની રચનામાં રાજ્ય

સરકારને સલાહ આપવાની અને યોજનાઓ વગેરે નિર્દિષ્ટ કરવાની ફરજ સોંપવામાં આવી છે. વૈધાનિક રીતે, તેથી, દેશમાં પારિસ્થિતિક અને પર્યાવરણીય સુરક્ષા સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી વન્યજીવોના સંરક્ષણ અને વિકાસને પ્રોત્સાહન આપવાની એનબીડબલ્યુએલ ની ફરજ છે. તેથી અમારો એવો અભિપ્રાય છે કે રોગચાળો, જંગલની મોટી આગ વગેરે જેવી હોનારતો, જે લુપ્ત થવામાં પરિણમી શકે છે, તેનાથી બચાવવા માટે એશિયાઇ સિંહ માટે બીજું ઘર હોવું જોઈએ તેવા એનબીડબલ્યુએલ દ્વારા લેવાયેલા વિવિધ નિર્ણયો વાજબી છે. આ કોર્ટ, અધિકારક્ષેત્રમાં બેસીને, એનબીડબલ્યુએલ કરતાં વિપરીત અભિપ્રાય લેવા માટે વાજબી નથી.

**<u>ઐતિહાસિક રહેઠાણ – પુનઃપ્રવેશ</u>**

૫૧. કોઈપણ પ્રજાતિ અનિશ્ચિત સમય માટે લુપ્ત થવાના આરે ટકી શકતી નથી અને ગંભીર રીતે ભયગ્રસ્ત પ્રજાતિ સાથે સંકળાયેલી સંભાવનાઓ તેમના લુપ્ત થવાને સમયની બાબત બનાવે છે. કન્ઝર્વેશન બાયોલોજી એ વિજ્ઞાન છે જે જૈવ-વિવિધતા અને લુપ્ત થવાની ગતિશીલતાનો અભ્યાસ કરે છે. ભયગ્રસ્ત પ્રજાતિઓના રક્ષણ માટે ઇકો-સિસ્ટમ અભિગમ પુનઃપ્રાપ્તિ પર ભાર મૂકે છે, અને ઇકો-સિસ્ટમ આધારિત સંરક્ષણ અભિગમને પૂરક અને સમર્થન આપે છે. પ્રાણી અથવા છોડને જે રહેઠાણમાંથી તે લુપ્ત થઈ ગયું હોય ત્યાં પુનઃપ્રવેશ કરાવવો તેને એક્સ-સિટુ સંરક્ષણ તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતે કેટલાક પુનઃપ્રવેશ કાર્યક્રમો સફળતાપૂર્વક સિદ્ધ કર્યા છે, ઉદાહરણ તરીકે,

કાઝીરંગામાંથી ગેંડા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન વગેરેની નદીઓમાં ગંગાના ઘડિયાળનો પુનઃપ્રવેશ. સજીવનો પુનઃપ્રવેશ એ સજીવનું તેના મૂળ વ્યાપ વિસ્તારના એવા ભાગમાં ઈરાદાપૂર્વકનું સ્થળાંતર છે જ્યાંથી તે માનવ પ્રવૃત્તિઓ અથવા કુદરતી હોનારતના પરિણામે અદ્દશ્ય થઈ ગયું હોય અથવા નાશ પામ્યું હોય.

પર. કુનો, જેમ કે અગાઉ જણાવવામાં આવ્યું છે, એશિયાઇ સિંહોનું ઐતિહાસિક રહેઠાણ હોવાનું સાબિત થયું હતું. એશિયાઇ સિંહના પુનઃપ્રવેશ માટે સંભવિત સ્થિતિના સર્વેક્ષણ પછી, ડબલ્યુઆઇઆઇ દ્વારા આખરી અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે, જે ૩૧.૧.૧૯૯૫ ના રોજ પ્રકાશિત થયો હતો જેમાં કુનો વન્યજીવ અભયારણ્ય (મધ્ય પ્રદેશ) એશિયાઇ સિંહના પુનઃપ્રવેશ માટે સૌથી યોગ્ય રહેઠાણ તરીકે ઉભરી આવ્યું હતું. મંત્રી પરિષદે ૨૮.૨.૧૯૯૬ ના રોજ આ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. ૧૯૯૬ અને ૨૦૦૧ ની વચ્ચે, મધ્ય પ્રદેશ વન વિભાગ દ્વારા આશરે ૧૫૪૭ પરિવારો ધરાવતા ૨૪ ગામોને અભયારણ્યમાંથી સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. મધ્ય પ્રદેશ સરકારે અભયારણ્યની આસપાસ સિરોની, આગ્રા અને મોરાવન વન રેન્જને આવરી લેતા ૧૨૮૦ ચોરસ કિમી કુનો વન્યજીવ વિભાગનું પણ સીમાંકન કર્યું હતું. ભારત સરકારે તેના તારીખ ૨૧.૧.૧૯૯૭ ના હુકમ દ્વારા ૩૭૨૦.૯ હેક્ટર વન જમીનનું ડાયવર્ઝન કરવાનો આદેશ આપ્યો હતો, જેમાં ફોરેસ્ટ કન્ઝર્વેશન એક્ટની કલમ ૨ હેઠળ ૧૮ ગામો

સુરક્ષિત હતા. ભારત સરકાર દ્વારા કલ્પિત ૨૦ વર્ષનો પ્રોજેક્ટ એનબીડબલ્યુએલ દ્વારા ૧૦.૩.૨૦૦૪ ના રોજ મળેલી તેની બેઠકમાં પણ મંજૂર કરવામાં આવ્યો હતો. મધ્ય પ્રદેશ સરકારે ગામોનું મોટા પાયે પુનઃસ્થાપન હાથ ધર્યું અને તેમને વૈકલ્પિક સ્થળો આપ્યા. ૧૮ વર્ષથી વધુ ઉંમરના પુરૂષને એક પરિવાર ગણવામાં આવ્યો હતો અને દરેક પરિવારને ઘર બાંધકામ માટે આપેલ ૫૦૦ ચોરસ મીટર જમીન ઉપરાંત ૨ હેક્ટર ખેતીલાયક જમીન આપવામાં આવી હતી. હાઉસિંગ સામગ્રીના રૂપમાં રૂપિયા ૧,૦૦,૦૦૦/- ની નાણાકીય સહાય પણ આપવામાં આવી હતી. ભારત સરકારે સદર હેતુ માટે રૂપિયા ૧૫ કરોડની રકમ ખર્ચી છે.

૫૩. અમે એ પણ નોંધીએ છીએ કે એનબીડબલ્યુએલ ની મંજૂરી સાથે એશિયાઇ સિંહના પુનઃપ્રવેશ માટે કુનો વન્યજીવ અભયારણ્યને યોગ્ય બનાવવા માટે મધ્ય પ્રદેશ રાજ્ય, એમઓએફ અને ભારત સંઘ દ્વારા તમામ શક્ય પગલાં લેવામાં આવ્યા છે.

**<u>શિકાર ઘનતા:</u>**

૫૪. ડબલ્યુઆઇઆઇ ને વર્ષ ૨૦૦૫ માં શિકાર ઘનતાની ઉપલબ્ધતાનું આકલન કરવા વિનંતી કરવામાં આવી હતી. વિવિધ સ્ટાફની મદદથી, ૨૮૦ ચોરસ કિમી વિસ્તારમાં કુલ ૪૬૧ કિમી લંબાઈ ધરાવતી ૧૭ ટ્રાન્સેક્ટ્સનું સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. સિંહો દ્વારા પકડી શકાય તેવા જંગલી શિકાર

(ચિત્તલ, સાબર, નીલગાય, જંગલી ડુક્કર) ની ઘનતા ૧૩ પ્રાણીઓ/ચોરસ કિમી હતી. સ્થળાંતરિત લોકો દ્વારા પાછળ છોડી દેવાયેલા આશરે ૨૫૦૦ પશુઓ હતા જે સિંહો માટે દુષ્કાળના કારણે સમયાંતરે જંગલી ખરીવાળા પ્રાણીઓ મરવાની સંભવિત સમસ્યામાંથી બહાર નીકળવા માટે બફર શિકાર માનવામાં આવતા હતા. ડબલ્યુઆઇઆઇ એ નોંધ્યું હતું કે ગેરકાયદે શિકાર પર નિયંત્રણ, ઘાસના મેદાનનું વ્યવસ્થાપન, ડિવિઝનની આસપાસ પથ્થરની દીવાલ બનાવવી અને જળ સંવર્ધન જેવી ભલામણોના અમલીકરણ સાથે, ૨૦૦૭ ના અંત સુધીમાં સિંહો માટે જંગલી શિકાર આધારમાં નોંધપાત્ર વધારો (આશરે ૨૦ પ્રાણીઓ/ચોરસ કિમી) થશે. ડબલ્યુઆઇઆઇ દ્વારા જુલાઈ ૨૦૦૬ માં શિકારની વસ્તીના આકલન અંગેનો વિગતવાર અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.

૫૫. ગુજરાત રાજ્યે કુનો ખાતે શિકારની ઘનતા અંગે ગંભીર વાંધો ઉઠાવ્યો હતો. શિકારની ઘનતા અંગે વિવિધ અભ્યાસો હાથ ધરવામાં આવ્યા છે. મધ્ય પ્રદેશ સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા અહેવાલો અને અભ્યાસો દર્શાવે છે કે કુનો ખાતે શિકારની ઘનતા પ્રોફેસર ચેલમ દ્વારા તેમના ૧૯૯૩ ના અહેવાલમાં ભલામણ કરાયેલ અંદાજિત શિકાર ઘનતા કરતાં ઘણી વધી ગઈ છે. વર્ષ ૨૦૦૮ માં શ્રી ફિયાઝ એ. ખુદસાર અને શ્રી રમણ દ્વારા શિકાર ઘનતા અંગે એકત્રિત કરવામાં આવેલી માહિતી નીચે મુજબનું ચિત્ર દર્શાવે છે:

| | **શ્રી એફ.એ. ખુદસાર વર્ષ ૨૦૦૪** | **શ્રી એફ. એ. ખુદસાર વર્ષ ૨૦૦૬** | **શ્રી રમણ, ડબલ્યુપીઓ વર્ષ ૨૦૦૮ માં** | **ડબલ્યુઆઇ આઇ ૨૦૧૧ માં (ચિત્તા ટાસ્ક ફોર્સ અહેવાલ)** |
|---|---|---|---|---|
| ફેરેલ પશુઓ સિવાય તમામ શિકાર ઘનતા | ૧૭.૩૫ | ૨૪.૬ | ૪૯.૪૭૭ | ઉપલબ્ધ નથી |
| ફેરેલ પશુઓ સહિત તમામ શિકાર ઘનતા | | ૬૩.૯૭ | ૬૭.૪૦૬ | ૮૫.૯૧ ± ૨૩ |

અમે નોંધીએ છીએ કે શ્રી ખુદસારે એપ્રિલ–મે ૨૦૦૪ અને મે ૨૦૦૫ માં શિકાર આધાર ઘનતા અંગેનો પોતાનો ડેટા એકત્રિત કર્યો હતો, તે અહેવાલ ૨૦૦૮ માં પ્રકાશિત થયો હતો. જોકે, શ્રી રહેમાન (ડબલ્યુપીઓ) દ્વારા હાથ ધરવામાં આવેલી ગણતરી માર્ચ ૨૦૦૮ માં કરવામાં આવી હતી. અખિલ ભારતીય વાઘ ગણતરી પ્રક્રિયા મુજબ ગણતરી હાથ ધરવામાં આવી હતી. સદર હેતુ માટે, ભારત સરકારના અધિકારીઓ અને કર્મચારીઓને ડબલ્યુઆઇઆઇ ના વૈજ્ઞાનિકો દ્વારા ૨૦૦૮ માં, ૧૯–૨૧ જાન્યુઆરી દરમિયાન તાલીમ આપવામાં આવી હતી. વર્કિંગ પ્લાનના સ્ટાફ/અધિકારીઓને પાછળથી ગેમ ગાર્ડ ટ્રેનિંગ સ્કૂલ, બાંધવગઢ ખાતે ૧૮–૨૩ ફેબ્રુઆરી, ૨૦૦૮ દરમિયાન એક અઠવાડિયા માટે તાલીમ આપવામાં આવી હતી અને ત્યારબાદ ડબલ્યુઆઇઆઇ ના વૈજ્ઞાનિક ડૉ. કમર કુરેશીની દેખરેખ અને માર્ગદર્શન હેઠળ ૨.૩.૨૦૦૮ થી ૮.૩.૨૦૦૮ દરમિંયાન ગણતરી હાથ ધરવામા  આવી હતી. તેથી, અમને જણાય છે કે શ્રી

રમણ (ડબલ્યુપીઓ) દ્વારા હાથ ધરવામાં આવેલી ગણતરી સમયની દ્રષ્ટિએ સૌથી તાજેતરની છે. શ્રી રમણ ડબલ્યુપીઓ, ૨૦૦૮ અને શ્રી એફ.એ. ખુદસારના ઘનતા અંદાજ વચ્ચેનું વાસ્તવિક તુલનાત્મક પત્રક નીચે મુજબ છે:

| **પ્રજાતિ** | **શ્રી એફ.એ. ખુદસાર વર્ષ ૨૦૦૪ દ્વારા નોંધાયેલ ઘનતા** | **શ્રી એફ.એ. ખુદસાર વર્ષ ૨૦૦૬ દ્વારા નોંધાયેલ ઘનતા** | **શ્રી રમણ ડબલ્યુપીઓ દ્વારા વર્ષ ૨૦૦૮ માં નોંધાયેલ ઘનતા** | **ડબલ્યુઆઇ આઈ દ્વારા ૨૦૦૧ માં નોંધાયેલ ઘનતા (ચિત્તા ટાસ્ક ફોર્સ અહેવાલ)** |
|---|---|---|---|---|
| ચિત્તલ | ૬.૬ | ૧૨.૫ | ૧૮.૮૩૪ | ૩૫.૮૭ |
| સાબર | ૦.૩ | ૦.૭૮ | ૧.૬૩૪ | ઉપલબ્ધ નથી |
| નીલગાય | ૦.૭૭ | ૧.૬૧ | ૫.૬૦૩ | ઉપલબ્ધ નથી |
| ચૌશિંગા | ૦.૦૨ | ૦.૦ | ૦.૦ | ઉપલબ્ધ નથી |
| ચિંકારા | ૩.૬ | ૬.૫૨ | ૧.૯૮૩ | ઉપલબ્ધ નથી |
| જંગલી ડુક્કર | ૦.૭૯ | ૩.૧૯ | ૩.૫૩૪ | ઉપલબ્ધ નથી |
| ફેરેલ પશુઓ | ૦.૦ | ૩૯.૩૭ | ૧૭.૯૨૯ | ઉપલબ્ધ નથી |

શિકાર આધારના તાજેતરના આંકડા મેળવવા માટે, સ્વતંત્ર નિષ્ણાત વૈજ્ઞાનિકોની ટીમ અને મધ્ય પ્રદેશના વિવિધ અધિકારીઓ દ્વારા જૂન ૨૦૧૨ ના

મહિનામાં કુનોમાં શિકાર આધાર અંદાજની કવાયત કરવામાં આવી હતી. જૂન ૨૦૧૨ માં, કુનોમાં શિકાર આધારની તાજેતરની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે સર્વેક્ષણ હાથ ધરવા માટે ડબલ્યુઆઈઆઈ ને વિનંતી કરવામાં આવી હતી. ચોક્કસ શિકાર આધાર નક્કી કરવા માટે સ્વતંત્ર સભ્યો એટલે કે ડબલ્યુઆઈઆઈ, ડબલ્યુડબલ્યુએફ ઇન્ડિયાના વૈજ્ઞાનિકો/નિષ્ણાતો અને કુનો વાઈલ્ડલાઈફ ડિવિઝનના કર્મચારીઓ દ્વારા સંયુક્ત રીતે કવાયત હાથ ધરવામાં આવી હતી. તેમના દ્વારા અપનાવવામાં આવેલી પદ્ધતિ નીચે મુજબ હતી.

> "(૨) શિકાર આધાર ઘનતા અંદાજ: કવાયતની પદ્ધતિ બકલૅન્ડ એટ અલ., ૨૦૧૧ દ્વારા વિકસાવવામાં આવેલ સિસ્ટમેટિક લાઇન ટ્રાન્સેક્ટ પદ્ધતિ પર ડિસ્ટન્સ સેમ્પલિંગ હતી. કુનો ડબલ્યુએલએસ માં વિતરિત ફિક્સ્ડ લાઇન ટ્રાન્સેક્ટ્સનું સેમ્પલિંગ કરવામાં આવ્યું હતું. તમામ લાઇન ટ્રાન્સેક્ટ્સ પર ત્રણ વખત ચાલવામાં આવ્યું હતું. તેમના જૂથ કદ સાથે જોવાયેલા તમામ ખરીવાળા પ્રાણીઓ અને અન્ય શિકાર પ્રજાતિઓ નોંધવામાં આવી હતી. કુલ સેમ્પલિંગ પ્રયાસ ૨૦૮.૫ કિમી અને ૧૪૪ મેન-ડેઝ હતો.
>
> (૩) વિશ્લેષણ:- ચિત્તલ, સાબર, નીલગાય, જંગલી ડુક્કર, ચિંકારા, લંગૂર, મોર અને ફેરેલ પશુઓનો સમાવેશ કરતી શિકાર પ્રજાતિઓની ઘનતા સોફ્ટવેર ડિસ્ટન્સ ૬.૦ નો ઉપયોગ કરીને અંદાજવામાં આવી હતી. એકત્રિત માહિતીનું વિશ્લેષણ ડૉ. ઝાલા અને તેમની હેઠળ કામ કરતા સંશોધકો દ્વારા કરવામાં આવ્યું હતું.
>
> (૪) વસ્તી ઘનતા:- શિકાર-આધારના અંદાજ માટે કરવામાં આવેલી કવાયતના પરિણામે, ચિત્તલ, સાબર, નીલગાય, જંગલી ડુક્કર, ચિંકારા, લંગૂર, મોર અને ફેરેલ પશુઓની ઘનતાના અંદાજોની ગણતરી કરવામાં આવી હતી. કુનો ડબલ્યુએલએસ માં શિકાર પ્રજાતિઓની વસ્તી ઘનતા નીચે મુજબ જણાઈ હતી:

| પ્રજાતિ | વસ્તી ઘનતા/ચોરસ કિમી ± પ્રમાણભૂત ભૂલ |
|---|---|
| ચિત્તલ | ૫૧.૫૯ ± ૮.૮૪ |
| સાબર | ૩.૫૯ ± ૧.૦૧ |
| નીલગાય | ૨.૩૨ ± ૦.૫૯ |
| જંગલી ડુક્કર | ૪.૬૮ ± ૧.૫૪ |
| ચિંકારા | ૦.૯૯ ± ૦.૩૫ |
| લંગૂર | ૧૭.૨ ± ૪.૬ |
| મોર | ૬.૪૪ ± ૨.૩૪ |
| ફેરેલ પશુઓ | ૧.૮૩ ± ૦.૭૭ |

મધ્ય પ્રદેશ રાજ્યે એવું વલણ પણ અપનાવ્યું છે કે કુનોમાં શિકારનો આધાર ગીરમાં હાલના શિકાર આધાર કરતાં વધુ છે. તેની સરખામણી કરતો એક ચાર્ટ પણ અમારી સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે, જે નીચે મુજબ છે:

**૨૦૧૨ પરિદ્રશ્ય:-**

| **પ્રજાતિ** | **સરેરાશ વજન (કિગ્રા)** | **ગીર એન.પી.** | | **કુનો ડબલ્યુએલએસ** | |
|---|---|---|---|---|---|
| | | **ઘનતા પ્રતિ ચોરસ કિમી** | **બાયોમાસ (કિગ્રા)** | **ઘનતા પ્રતિ ચોરસ કિમી** | **બાયોમાસ (કિગ્રા)** |
| ચિત્તલ | ૪૭ | ૫૦.૮ | ૨૩૮૭.૬૦ | ૫૧.૫૯ | ૨૪૨૪.૭ |
| સાબર | ૧૩૪ | ૨.૦૦ | ૨૬૮.૦૦ | ૩.૫૯ | ૪૮૧.૦૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| નીલગાય | ૧૨૫ | ૦.૨૫ | ૭૨.૫૦ | ૨.૩૨ | ૨૯૦ |
| ચૌશિંગા | ૨૧ | ૦.૪૨ | ૮.૮૨ | - | - |
| ચિંકારા | ૨૦ | ૨.૪૦ | ૪૮.૦૦ | ૦.૯૯ | ૧૯.૮ |
| જંગલી ડુક્કર | ૩૨ | ૦.૦૦ | ૦.૦૦ | ૪.૬૮ | ૧૪૯.૭૬ |
| સામાન્ય લંગૂર | ૦૯ | ૦.૦૦ | ૦.૦૦ | ૧૭.૨ | ૧૫૪.૮ |
| **લંગૂર સહિત કુલ** | | **૫૬.૨** | **૨૭૮૫** | **૮૦.૩૭** | **૩૫૨૦.૧૨** |
| **લંગૂર અને ફેરેલ પશુઓ સિવાય કુલ** | | | | **૬૩.૧૭** | **૩૩૬૫.૩૨** |

તેથી મધ્ય પ્રદેશ રાજ્યે એવું વલણ જાળવી રાખ્યું કે, ૨૦૧૨ ના પરિદ્રશ્યમાં, કુનો વન્યજીવ અભયારણ્યમાં ફેરેલ પશુઓ અને લંગૂર સિવાય પ્રતિ ચોરસ/કિમી બાયોમાસ (૩૩૬૫.૩૨ કિગ્રા પ્રતિ ચોરસ/કિમી) ગીર પીએ માં બાયોમાસ (૨૭૮૫ કિગ્રા પ્રતિ ચોરસ/કિમી) કરતાં વધુ છે.

૫૬. ગુજરાત રાજ્યે શિકાર આધારના ઉપરોક્ત અંદાજના આધારે ૨.૭.૨૦૧૨ ના રોજ એક અરજી દાખલ કરી હતી અને પક્ષકારોને શિકાર આધાર અંગે નવેસરથી સર્વેક્ષણ કરવા નિર્દેશ આપવાની માંગ કરી હતી. શ્રી રવિ ચેલમે ૮.૭.૨૦૧૨ ના રોજની તેમની લેખિત નોંધમાં શિકાર–આધાર અંગે કેટલીક

ટિપ્પણીઓ કરી હતી જેમાં જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત ધોરણોની સરખામણીમાં ડિઝાઇન, ડેટા–એકત્રીકરણ, પ્રોટોકોલ અને વિશ્લેષણાત્મક પદ્ધતિઓની દ્રષ્ટિએ શિકાર ઘનતાનો અંદાજ અપૂરતો જણાય છે. શ્રી ચેલમે સૂચવ્યું કે તમામ ઋતુઓ અને રહેઠાણને આવરી લેતા ઓછામાં ઓછા બાર મહિના સુધી શિકારનો અભ્યાસ હાથ ધરવો પડશે.

૫૭. ગુજરાત રાજ્યે ભૂતકાળના ટ્રેક રેકોર્ડ દર્શાવે છે કે મધ્ય પ્રદેશ રાજ્ય ગેરકાયદે શિકારને નિયંત્રિત કરવા માટે કોઈ અસરકારક પગલાં લઈ રહ્યું નથી તેવું જણાવીને અન્ય વિવિધ વાંધાઓ પણ ઉઠાવ્યા છે જે જો સિંહોને કુનોમાં સ્થળાંતરિત કરવામાં આવે તો તે પણ એક ખતરો છે. તે દલીલનો સામનો કરવા માટે, મધ્ય પ્રદેશ રાજ્યે જણાવ્યું હતું કે ટાઇગર ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ તેના અહેવાલ – ટાઇગર મીટ્સ, જુલાઈ ૨૦૧૧ માં મધ્ય પ્રદેશ રાજ્યના પ્રદર્શનને ઉત્કૃષ્ટ તરીકે મૂલ્યાંકન કર્યું છે, જે દર્શાવે છે કે તેઓએ કુનો ખાતે પ્રાણીઓના ગેરકાયદે શિકાર સામે અસરકારક પગલાં લીધાં હતાં. અમે નોંધીએ છીએ કે જંગલી પ્રાણીઓનો ગેરકાયદે શિકાર એ ખૂબ જ ચિંતાનો વિષય છે જે ભયગ્રસ્ત પ્રજાતિઓને લુપ્ત થતી બચાવવા માટે તમામ રાજ્ય સરકારો દ્વારા ધ્યાન આપવાની માંગ કરે છે. આ એક એવી બાબત છે જેનો અસરકારક રીતે સામનો કરવો પડશે અને ગેરકાયદે શિકાર કરનારાઓ, જો પકડાય, તો તેમને ન્યાયના કઠેડામાં લાવવા જોઈએ.

## <u>કુનો ખાતે ચિત્તા</u>

૫૮. અમે નોંધીએ છીએ કે જ્યારે આ બાબતની સુનાવણી ચાલી રહી હતી, ત્યારે નામીબિયાથી ભારતમાં આફ્રિકન ચિત્તાઓની આયાત કરવાનો અને તેને કુનો ખાતે દાખલ કરવાનો એમઓએફ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો. એમિકસ ક્યુરીએ ૨૦૧૨ ની આઇ.એ. નંબર ૩૪૫૨ દાખલ કરી. આ કોર્ટે કુનો ખાતે દાખલ કરવા માટે નામીબિયાથી ભારતમાં ચિત્તાઓની આયાત કરવાના એમઓએફ ના નિર્ણય પર ૮.૫.૨૦૧૨ ના રોજ મનાઈહુકમ આપ્યો હતો. એમિકસ ક્યુરી શ્રી પી.એસ. નરસિમ્હા દ્વારા કુનો ખાતે વિદેશી પ્રજાતિ દાખલ કરવા સામે ગંભીર વાંધાઓ ઉઠાવવામાં આવ્યા હતા. વિદ્વાન એમિકસ ક્યુરીએ ધ્યાન દોર્યું કે એશિયાઇ સિંહના પુનઃપ્રવેશ માટે પસંદ કરાયેલા સમાન પ્રસ્તાવિત રહેઠાણમાં આફ્રિકન ચિત્તાઓને દાખલ કરવાનો નિર્ણય એનબીડબલ્યુએલ ની સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકવામાં આવ્યો નથી, કે ન તો કોઈ સુસંગત નિર્ણય લેવાયો છે. વિદ્વાન એમિકસ ક્યુરીએ ધ્યાન દોર્યું કે સ્થળાંતર પરની આઇયુસીએન માર્ગદર્શિકાએ ઇન્ટ્રોડક્શન અને રિઇન્ટ્રોડક્શન વચ્ચે સ્પષ્ટ તફાવત કર્યો છે. માર્ગદર્શિકાએ આફ્રિકન અથવા આયાતી પ્રજાતિઓ કે જે ભારતમાં ક્યારેય અસ્તિત્વમાં ન હતી તેને દાખલ કરવા સામે ગંભીર ચેતવણી આપી હતી. તે સજીવના તેના મૂળ વ્યાપ વિસ્તારના ભાગમાં આંતરરાષ્ટ્રીય સ્થળાંતરનો કેસ નથી. વિદ્વાન એમિકસ ક્યુરીએ ધ્યાન દોર્યું કે એનડબલ્યુએપી ૨૦૦૨–૨૦૧૬, જે એક રાષ્ટ્રીય નીતિ દસ્તાવેજ છે, તે

ભારતમાં વિદેશી પ્રજાતિના પુનઃપ્રવેશની કલ્પના કરતું નથી. નીતિમાં માત્ર પુનઃપ્રવેશ અથવા એશિયાઇ સિંહ જેવી પ્રજાતિઓ માટે વૈકલ્પિક ઘર શોધવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

૫૯. અમારા મતે એમઓએફ એ કુનો ખાતે વિદેશી ચિત્તા દાખલ કરવાનો હુકમ પસાર કરતાં પહેલાં કોઈ વિગતવાર અભ્યાસ હાથ ધર્યો નથી. કુનો એ આફ્રિકન ચિત્તાઓ માટે ઐતિહાસિક રહેઠાણ નથી, તે હકીકત સ્થાપિત કરવા માટે અમારી સમક્ષ કોઈ સામગ્રી રજૂ કરવામાં આવી નથી. ભારતમાં વિદેશી પ્રજાતિ દાખલ કરતાં પહેલાં વિગતવાર વૈજ્ઞાનિક અભ્યાસ કરવો જરૂરી છે, જે પ્રસ્તુત કેસમાં કરવામાં આવ્યો નથી. વાઇલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ હેઠળ આ હેતુ માટે સ્થપાયેલ વૈધાનિક બોર્ડ એવા એનબીડબલ્યુએલ ની પણ સલાહ લેવામાં આવી ન હતી.

૬૦. અમે સૂચવી શકીએ છીએ કે અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા એશિયાઇ સિંહો, જે એક ભયગ્રસ્ત પ્રજાતિ છે તેનું રક્ષણ કરવાની અને બીજું ઘર પૂરું પાડવાની છે. છેલ્લા કેટલાક દાયકાઓથી વિવિધ પગલાં લેવામાં આવ્યા છે, પરંતુ અત્યાર સુધી કંઈ પરિણામ આવ્યું નથી. કુનો ખાતે એશિયાઇ સિંહના પુનઃપ્રવેશ માટે ભારત સરકાર અને મધ્ય પ્રદેશ રાજ્ય દ્વારા કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા છે. આ તબક્કે, અમારા મતે, કુનો ખાતે પહેલા આફ્રિકન

ચિત્તાઓ અને પછી એશિયાઇ સિંહ દાખલ કરવા માટે એમઓએફ દ્વારા લેવાયેલો નિર્ણય મનસ્વી અને ગેરકાયદેસર છે અને વાઇલ્ડલાઇફ પ્રોટેક્શન એક્ટ હેઠળ પૂરી પાડવામાં આવેલી વૈધાનિક જરૂરિયાતોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. કુનોમાં આફ્રિકન ચિત્તાઓ દાખલ કરવાનો એમઓએફ નો હુકમ કાયદાની નજરમાં ટકી શકે નહીં અને તેને રદબાતલ કરવામાં આવે છે.

૬૧. ગીરથી કુનો ખાતે એશિયાઇ સિંહના પુનઃપ્રવેશ માટેનો એમઓએફ નો નિર્ણય અત્યંત મહત્વનો છે જેથી ભયગ્રસ્ત પ્રજાતિ એવા એશિયાઇ સિંહનું જતન કરી શકાય જેમાં વિલંબ થઈ શકે નહીં. એ કહેવાની જરૂર નથી કે એશિયાઇ સિંહનો પુનઃપ્રવેશ આઇયુસીએન દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકાઓ અનુસાર અને ભયગ્રસ્ત પ્રજાતિઓના પુનઃપ્રવેશના ક્ષેત્રના નિષ્ણાતોની સક્રિય ભાગીદારી સાથે થવો જોઈએ. તેથી એમઓએફ ને ગીરના જંગલોમાંથી કુનો ખાતે એશિયાઇ સિંહના પુનઃપ્રવેશ માટે તાત્કાલિક પગલાં લેવાનો નિર્દેશ આપવામાં આવે છે. એમઓએફ એ એમઓએફ ના વરિષ્ઠ અધિકારીઓ, મધ્ય પ્રદેશ અને ગુજરાત રાજ્યોના ચીફ વાઇલ્ડલાઇફ વોર્ડન્સની બનેલી એક નિષ્ણાત સમિતિની રચના કરવાની રહેશે. ટેકનિકલ નિષ્ણાતો પણ આ સમિતિના સભ્યો હોવા જોઈએ, જેમાં ડબલ્યુડબલ્યુએફ ના સેક્રેટરી જનરલ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસરનો સમાવેશ થશે. વાઇલ્ડલાઇફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. વાય.એસ. ઝાલા, વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉ. રવિ ચેલમ, ડૉ. એ.જે.ટી.

જોહ્નસિંઘ, કારણ કે તે તમામે તે ક્ષેત્રમાં ઘણું સંશોધન કર્યું છે અને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અનુભવ ધરાવે છે. અન્ય કોઈપણ નિષ્ણાતને પણ સમિતિના સભ્યો તરીકે સામેલ કરી શકાય છે. કહેવાની જરૂર નથી કે, પુનઃપ્રવેશ કરાવવાના સિંહોની સંખ્યા શિકાર આધારની ઘનતા અને અન્ય સંબંધિત પરિબળો પર નિર્ભર રહેશે, જેનું સમિતિ મૂલ્યાંકન કરશે.

૬૨. ઉપર જણાવ્યા મુજબ આઇ.એ. મંજૂર કરવામાં આવે છે. આ હુકમનો તેના અક્ષરશઃ અને સાચા અર્થમાં અને આજથી ૬ મહિનાના સમયગાળામાં અમલ કરવામાં આવે. તમામ વરિષ્ઠ વકીલો અને વિદ્ધાન એમિકસ ક્યુરી શ્રી પી.એસ. નરસિમ્હા તેમજ ડૉ. રવિ ચેલમ કે જેઓ સમગ્ર સુનાવણી દરમિયાન કોર્ટમાં હાજર રહ્યા હતા અને વિવિધ પર્યાવરણીય અને વૈજ્ઞાનિક મુદ્ધાઓ પર મૂલ્યવાન સૂચનો કર્યા હતા તેમના દ્ધારા આપવામાં આવેલી સહાયની અમે ઊંડી પ્રશંસા નોંધીએ છીએ.

૬૩. ઘણી પ્રજાતિઓ લુપ્ત થઈ જાય તે પહેલાં પુનઃપ્રાપ્તિ કાર્યક્રમો હાથ ધરવા માટે ભયગ્રસ્ત પ્રજાતિઓના જતન અને સંરક્ષણ માટે એક વિશિષ્ટ સંસદીય કાયદાની જરૂરિયાત પર ભાર મૂકવા અને નીચે મુજબના નિર્દેશો આપવા માટે પણ અમે પ્રેરાયા છીએ:

(એ) એનડબલ્યુએપી (૨૦૦૨–૨૦૧૬) એ એશિયાઇ સિંહ અને જંગલી ભેંસ ઉપરાંત ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ, બંગાળ ફ્લોરિકન, ડ્યુગોંગ, મણિપુર બ્રાઉ એન્ટલર્ડ ડીયર જેવી પ્રજાતિઓને ભયગ્રસ્ત પ્રજાતિઓ તરીકે પહેલેથી જ ઓળખી કાઢી છે અને તેથી અમે ભારત સરકાર અને એમઓએફ ને તે ભયગ્રસ્ત પ્રજાતિઓના જતન માટે તાત્કાલિક પગલાં લેવા તેમજ પુનઃપ્રાપ્તિ કાર્યક્રમો શરૂ કરવા નિર્દેશ આપવા પ્રેરાયા છીએ.

(બી) એનડબલ્યુએપી દ્વારા અગાઉ દર્શાવ્યા મુજબ ભારત સરકાર અને એમઓએફ ને વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની તમામ ભયગ્રસ્ત પ્રજાતિઓની ઓળખ કરવા, તેમની જરૂરિયાતોનો અભ્યાસ કરવા અને સુરક્ષાના વર્તમાન સ્તર અને જોખમોના સ્વરૂપને સ્થાપિત કરવા માટે તેમના પર્યાવરણ અને રહેઠાણોનું સર્વેક્ષણ કરવા નિર્દેશ આપવામાં આવે છે. તેઓએ વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની પ્રજાતિઓની સ્થિતિની સમયાંતરે સમીક્ષા પણ હાથ ધરવી જોઈએ, અને દર ત્રણ વર્ષે આઇયુસીએન રેડ ડેટા લિસ્ટ સાથે તેને સહસંબંધિત કરવી જોઈએ.

(સી) અદાલતો અને પર્યાવરણવિદોએ પુનઃપ્રાપ્તિ કાર્યક્રમોના અમલીકરણ માટે વધુ ધ્યાન આપવું જોઈએ અને તે કલ્પનાશીલતા અને પ્રતિબદ્ધતા સાથે હાથ ધરવામાં આવે.

કે.કે.ટી. આઇ.એ. મંજૂર કરવામાં આવી.

Translation of this judgment is provided by M/s Hyperlink E-Solutions Pvt. Ltd.

================================================================

**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.